# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૨ * અંક-૭ * માર્ચ, ૨૦૧૮



૮૯

## ધર્મરત્ન ભગવતી
## પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો
## સમ્યક્ત્વજયંતી મહોત્સવ
## ૮૯મો

# આમંત્રણ પત્રિકા

આત્માર્થી મુમુક્ષુ ભાઈશ્રી/બહેનશ્રી ............................ શુભ ગ્રામ ..............

સમ્યક્ત્વમહિમા પ્રેરિત સાતિશય આનંદોલ્લાસ સહ વિજ્ઞાપન કે તીર્થંકર ભગવાન મહાવીરસ્વામી દ્વારા પ્રરૂપિત અને ભગવત્કુંદકુંદાચાર્યદેવ દ્વારા પ્રવર્તિત સ્વાનુભૂતિમૂલક અધ્યાત્મધર્મનો પરમ ઉદ્યોત કરનાર પરમ તારણહાર, પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીનો અમારા ઉપર અનંત-અનંત ઉપકાર વર્તે છે. તે શ્રુતલબ્ધિવંત, **પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની** ભવોદધિતારિણી દિવ્ય દેશનાથી તથા પોતાના શુદ્ધાત્માભિમુખી તીવ્ર પુરુષાર્થ વડે જેમણે ૧૯ વર્ષની બાળવયે વિ.સં. ૧૯૮૯ ફાગણ વદ દશમના દિને વાંકાનેર નગરે પોતાની પરિણતિમાં સ્વાનુભૂતિસહિત નિર્મળ સમ્યક્દર્શન પ્રગટ કર્યું છે તે **પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો** પણ આપણા સમાજ ઉપર વિશિષ્ટ ઉપકાર વર્તે છે. તેમનો મહામંગળકારી ૮૬મો સમ્યક્ત્વજયંતી મહોત્સવ વિ.સં. ૨૦૭૪ના ફાગણ વદ-૬, બુધવાર તા. ૭-૩-૨૦૧૮ થી ફાગણ વદ-૧૦, રવિવાર તા. ૧૧-૩-૨૦૧૮ સુધી અત્યંત આનંદોલ્લાસ સહ ઉજવવામાં આવશે. અમારી આ ભાવભીની ભક્તિમાં ભાગ લેવા આપ સૌ મુમુક્ષુ ભાઈ-બહેનોને સપરિવાર સુવર્ણપુરી(સોનગઢ) પધારવા અતિ આગ્રહભર્યું નિમંત્રણ છે.

આ પંચ દિવસીય કાર્યક્રમ શ્રી રત્નત્રય મંડલ વિધાન પૂજા, પૂજ્ય ગુરુદેવશ્રીના કલ્યાણકારી સીડી પ્રવચનો, પૂજ્ય બહેનશ્રીની અધ્યાત્મમર્મસભર વિડિયો તત્ત્વચર્ચા, ધાર્મિક શિક્ષણ શિબિર, વિધવિધ ભક્તિઓ, સાંસ્કૃતિક કાર્યક્રમો એમ અનેકવિધ અનુષ્ઠાનો દ્વારા ઉજવવામાં આવશે. પંડિતરત્ન શ્રી હિંમતભાઈ જે. શાહનાં ભક્તિસભર મધુર કાવ્યોના ગુંજારવ સહ ઉજવવામાં આવનાર આ મહોત્સવમાં પધારવાથી આપને સુવર્ણપુરીના ઉન્નત જિનાલયો સ્થિત જિનબિંબોના દર્શન-પૂજનનો, પ્રતિષ્ઠેય વિશાળકાય બાહુબલી ભગવાનના તથા જંબૂદ્વીપના શાશ્વત જિનબિંબોના દર્શનનો પણ વિશેષ લાભ પ્રાપ્ત થશે. માટે આત્મહિતના અસાધારણ હેતુભૂત સમ્યક્ત્વ મહિમાના પુનિત અવસરે પધારવા આપ સૌને અમારું પુનઃ પુનઃ ધર્મભાવનાભીનું નિમંત્રણ છે.


પ્રેષક :
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ (સૌરાષ્ટ્ર)
ફોન નં. ૦૨૮૪૬-૨૪૪૩૩૪
તા. ૧૮-૨-૨૦૧૮

નિમંત્રક
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
તથા સ્થાયી પુરસ્કર્તાઓના
જય જિનેન્દ્ર

**નિમંત્રણ પત્રિકા સૌજન્ય :**
**ચંપાબેન ઉમરાવપ્રસાદ પંચરત્ન પરિવાર, સોનગઢ હસ્તે પ્રકાશચંદ તથા અમરચંદ પંચરત્ન**

તા.ક. મહેમાનો માટે તા. ૯-૩-૨૦૧૮ થી ૧૧-૩-૨૦૧૮ ત્રણ દિવસ આવાસ તથા ભોજનની વ્યવસ્થા નિઃશુલ્ક રાખેલ છે.

વર્ષ–૧૨
અંક–૭




વિ. સંવત
૨૦૭૪
March
A.D. 2018

પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીના શ્રીમુખેથી વિવિધ પ્રસંગે પ્રવાહિત

## તત્ત્વબોધક વચનામૃત



### * અનંતકાળથી તેણે બધું કર્યું પણ આત્માનું સ્વરૂપ ઓળખ્યું નથી *

જ્ઞાયકની મહિમા આવે, તેમાં સર્વસ્વતા લાગે, તેની રુચિ, શ્રદ્ધા થાય તો જીવ તે તરફ વળે છે, તે વિના વળી શકતો નથી. બહારમાં જ જેણે સર્વસ્વ માની લીધું છે અર્થાત્ થોડી ક્રિયા ને શુભભાવ કરીને તેમાં સર્વસ્વ માની લે છે તેને આત્માની પ્રાપ્તિ (—સમ્યગ્દર્શન—સ્વાનુભૂતિ) થતી નથી. અશુભથી બચવા શુભભાવ વચ્ચે આવે તેનાથી પુણ્ય બંધાય. પણ આત્મા તે બંનેથી ન્યારો છે તેવી શ્રદ્ધા થવી જોઈએ; અને શ્રદ્ધા થાય તો તે તરફ વળે. અનંતકાળથી તેણે બધું કર્યું પણ આત્માનું સ્વરૂપ ઓળખ્યું નથી, તે બધે ભમ્યો, બધું કંઠાગ્રે કર્યું પણ આત્માને ઓળખ્યો નથી; આત્માને ઓળખ્યા વગર ભવનો અભાવ થતો નથી.

### * જે પાત્ર આત્માર્થી હોય તેને પોતાને શોભે નહિ તેવા કષાયો ન હોય *

પહેલાં સ્વભાવની પ્રતીતિ કરે તો રાગ-દ્વેષ ભિન્ન પડે, તે પહેલાં ભિન્ન વાસ્તવિકપણે કેવી રીતે પડે ? બાહ્ય વૈરાગ્યપૂર્વક તેને મોળા પાડે કે આ સારાં નથી, આ રાગ-દ્વેષ કરવા જેવા નથી. પણ તે રીતે વાસ્તવિક ભિન્ન પડતા નથી, સ્વભાવને ઓળખે તો જ રાગ-દ્વેષ ભિન્ન પડે છે.

> ઉત્પાદ-વ્યય પ્રકૃતિનિમિત્તે જ્યાં લગી નહિ પરિતજે,
> અજ્ઞાની, મિથ્યાત્વી, અસંયત ત્યાં લગી આ જીવ રહે; ૩૧૪. –શ્રી સમયસાર

જે પાત્ર આત્માર્થી હોય—જેને આત્માનું પ્રયોજન હોય—તેને વધારે પડતા અર્થાત્ પોતાને શોભે નહિ તેવા કષાયો ન હોય પણ કષાયની ઉપશાંતતા અને વૈરાગ્ય એ બધું હોય. મારે આત્માનું જ કરવું છે. આ રાગ-દ્વેષ કાંઈ રાખવા જેવા નથી એમ આત્માનું પ્રયોજન સાધવા માટે વૈરાગ્ય કરે તો રાગ-દ્વેષ મોળા પડે, પણ ભેદજ્ઞાન કર્યા વગર તે ભિન્ન પડતા નથી.

પહેલાં પાકી શ્રદ્ધા (નિર્ણય) કરે કે હું જ્ઞાયક-જાણનારો જ છું. શુભાશુભ ભાવ મારું સ્વરૂપ નથી. શરીર જુદું અને આત્મા જુદો છે. આ શરીર કાંઈ જાણતું નથી. હું અંદરમાં એક જાણનારું તત્ત્વ અનાદિ-અનંત શાશ્વત છું. આ રીતે તે જાણનાર તત્ત્વનો નિર્ણય બરાબર કરવો જોઈએ. જોકે તેને અશુભથી બચવા વચ્ચે દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા આવે, તો પણ મને એક આત્મા કેમ ઓળખાય ? તે પ્રયોજન તેનું હોવું જોઈએ. પ્રથમ આત્માની મહિમા આવવી જોઈએ કે આ બધું બહારનું સારભૂત વસ્તુ નથી, સારભૂત તો એક આત્મા જ છે. એમ મહિમા—નિર્ણય અંતરમાંથી થવો જોઈએ. પહેલાં એકદમ લીનતા ન થાય, પહેલાં શ્રદ્ધા થાય ને પછી લીનતા થાય. તો રાગ-દ્વેષ છૂટે.

### * ભેદજ્ઞાન પ્રયાસ કરવાથી થાય છે *

ભેદજ્ઞાન પ્રયાસ કરવાથી થાય છે, પ્રયાસ વગર થતું નથી. કેવળ મંથન કરતાં કરતાં ભેદજ્ઞાન થઈ જાય એમ બને નહિ; પણ પરિણતિને જુદી પાડતાં પાડતાં થઈ જાય છે. પરંતુ તે જાતનું ધ્યેય હોવું જોઈએ. પરિણતિ જુદી પાડવાનું—સ્વભાવ જુદો પાડવાનું ધ્યેય હોવું જોઈએ. અને તે પ્રયાસ કરતાં કરતાં થાય જ. ન કેમ થાય ? પોતે જ છે, બીજો કોઈ નથી. વિશ્વાસ અને પ્રતીતિને છોડવાં નહિ; શ્રદ્ધા તો બરાબર કરવી. પ્રયાસ ઓછો—વધારે થાય પણ શ્રદ્ધા બરાબર કરવી કે આ રસ્તે અને આ રસ્તે પ્રયાસ કરવાથી થવાનું જ છે. જેમ કે અહીં ગામ છે એમ નક્કી થયા પછી ચલાય ઓછું, છતાં ચાલે જ. તેવી રીતે નક્કી—દ્રઢતા કરે તો કાર્ય થયા વગર રહેવાનું નથી. શ્રદ્ધામાં હારીશ નહિ, શ્રદ્ધા બરાબર કરજે. જેવી દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા દ્રઢ રાખે છે તેમ આત્મામાં આ રસ્તે જ પહોંચાશે એવી શ્રદ્ધા બરાબર રાખજે.

પોતાના પુરુષાર્થની મંદતા છે, કારણ ઓછું આપે છે, ત્યાં દૃષ્ટિને થંભાવતો નથી. દૃષ્ટિ થોડીવાર થંભી—ન થંભી ત્યાં છૂટી જાય છે—એટલે ભેદજ્ઞાન થતું નથી. રસ

આ આતમા જ્યારે કરમનું ફળ અનંતું પરિતજે,
જ્ઞાયક તથા દર્શક તથા મુનિ તેહ કર્મવિમુક્ત છે. ૩૧૫. —શ્રી સમયસાર

બહાર દોડ્યો જાય છે એટલે પરિણતિ પોતાને છોડીને બહાર જાય છે. દૃષ્ટિને એકદમ તે-મય—તન્મય કરતો નથી તેથી થતું નથી, આ રીતે પોતાનું કારણ છે.

### * આત્માને ગ્રહણ કરવા પોતાની વિશેષ પાત્રતા હોવી જોઈએ *

આત્માને ગ્રહણ કરવા પોતાની વિશેષ પાત્રતા હોવી જોઈએ. કોઈ જાતની અન્યમાં તન્મયતા ન થાય, આત્માની મહિમા છૂટીને બહારની કોઈ મહિમા ન આવે, બહારની કોઈ વસ્તુ આશ્ચર્યભૂત ન લાગે, એક પોતાનો આત્મા જ આશ્ચર્યકારી ને સર્વોત્કૃષ્ટ લાગે, આત્મા કરતાં કોઈ ચીજની મહિમા વધી ન જાય, દેવ-શાસ્ત્ર-ગુરુ અને એક આત્મા તેના કરતાં બીજું કાંઈ વિશેષ લાગે નહિ, એવી પાત્રતા હોવી જોઈએ. બહારના નિષ્પ્રયોજન પ્રસંગોમાં કે કષાયોના રસમાં વિશેષ એકત્વ—તન્મય થઈ જાય, તે બધું આત્માર્થીને—પાત્રતાવાળાને ન હોય. જેને આત્માનું પ્રયોજન છે તેને પર સાથેનું એકત્વ મંદ પડી જાય છે,—અનંતાનુબંધીનો બધો રસ મંદ પડી જાય છે.

આત્માર્થીને તત્ત્વ કેમ ગ્રહણ થાય? તે જાતની જિજ્ઞાસા રહ્યા કરે છે. તેને બહારમાં ક્યાંય વિશેષ તન્મયતા થઈ જતી નથી. આત્માની મુખ્યતા છૂટીને ક્યાંય સંસારી કાર્યોમાં વિશેષ,—વધારે પડતો રસ આવી જતો નથી. તેને આત્માનું જ પ્રયોજન રહે છે. એવી તેની પાત્રતા હોય છે.

શ્રીમદ્‌જીમાં આવે છે ને ? કે વિશાળબુદ્ધિ, મધ્યસ્થતા, સરળતા ને જિતેન્દ્રિયપણું તે બધું તત્ત્વ પામવાનું ઉત્તમ પાત્ર છે. આત્માર્થી ક્યાંય રાગમાં ખેંચાય નહિ, અને દ્વેષમાં ખેદાય નહિ, બધામાં મધ્યસ્થ રહે. તેને બધા રાગ-દ્વેષ છૂટી નથી જતા, પણ બધો રસ છૂટી જાય છે, બધું મર્યાદામાં આવી જાય છે. સમ્યગ્દર્શન થાય એટલે બધાથી જુદો પડી જાય અને તેને તો બધું મર્યાદામાં આવી જાય છે. જ્ઞાનીને અનંતાનુબંધીનો રસ છૂટી ગયો છે, બધાથી ન્યારો થઈ ગયો છે અને ભેદજ્ઞાન છે તેને લઈને વધારે પડતો જોડાતો નથી, એકત્વ થતો નથી, પણ જુદો જ રહે છે. તેને જ્ઞાયકતાની ધારા ચાલે છે. પાત્રતાવાળો પણ આત્મા પ્રગટ કરવો છે એટલે બધેથી રસ તોડે છે ને ક્યાંય વિશેષ તન્મય થતો નથી. કોઈ વિકલ્પોમાં કે કોઈ બહારનાં કાર્યોમાં કે કોઈપણ જાતના ઘર-કુટુંબ વગેરેમાં તે વિશેષ તન્મય થતો નથી. “કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ” માત્ર મુક્તિની—મોક્ષની અભિલાષા તેને રહે છે. દરેક કાર્યમાં આત્માનું જ પ્રયોજન તેને રહે છે.

**અજ્ઞાની વેદે કર્મફળ પ્રકૃતિસ્વભાવે સ્થિત રહી,**
**ને જ્ઞાની તો જાણે ઉદયગત કર્મફળ, વેદે નહીં. ૩૧૬.** **—શ્રી સમયસાર**



# શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




## ભાવશ્રુતજ્ઞાન વડે નિજ શુદ્ધાત્માને અનુભવે છે તે નિશ્ચય શ્રુતકેવળી

સમયસારની ૮મી ગાથામાં જ્યારે એમ કહ્યું કે પરમાર્થના પ્રતિપાદન અર્થે વ્યવહારનય સ્થાપિત કર્યો છે, ત્યારે શિષ્યને તે વાત વિચારતા એમ પ્રશ્ન ઊઠે છે કે વ્યવહારને સ્થાપવાનું પ્રયોજન તો સમજાયું. પણ હવે, વ્યવહારનય કેવી રીતે પરમાર્થનું પ્રતિપાદન કરે છે તે સમજાવો. વિચારક પાત્ર શિષ્યનો પ્રશ્ન સાંભળીને આચાર્યદેવ અહીં ગાથા ૯-૧૦ દ્વારા શિષ્યનો સમાધાન કરાવે છે.

શ્રુતથી ખરે જે શુદ્ધ કેવળ જાણતો આ આત્મને,
લોકપ્રદીપકરા ૠષિ શ્રુતકેવળી તેને કહે. ૯.

શ્રુતજ્ઞાન સૌ જાણે, જિનો શ્રુતકેવળી તેને કહે;
સૌ જ્ઞાન આત્મા હોઈને શ્રુતકેવળી તેથી ઠરે. ૧૦.

અહીં ૯મી ગાથામાં પરમાર્થ બતાવ્યો છે અને ૧૦મી ગાથામાં વ્યવહાર વડે પરમાર્થનું પ્રતિપાદન કેવી રીતે થાય તે સમજાવ્યું છે.

જે જીવ ભાવશ્રુતજ્ઞાન વડે અનુભવગોચર કેવળ એક નિજ શુદ્ધાત્માને તેની સન્મુખ થઈને જાણે છે, અનુભવે છે તેને ભાવશ્રુતકેવળી કહે છે. તત્ત્વની વાત સાંભળવા છતાં તે વાતના શ્રવણનું પણ લક્ષ છોડી દઈને, અંદર એક અભેદ શુદ્ધ ત્રિકાળી જ્ઞાયક નિજ આત્માને ભાવશ્રુતજ્ઞાન વડે જાણે છે, અનુભવે છે તેને ભાવશ્રુત કેવળી કહે છે. તે તો પરમાર્થ છે, વાસ્તવિક છે. પરંતુ તેનું પ્રતિપાદન કરવું અશક્ય છે. ત્રિકાળી અખંડાનંદ જ્ઞાયક આત્મા તે પરમાર્થ છે, પરંતુ તેને સમજાવવો, બતાવવો, ઉપદેશ આપવો કેવી રીતે ? પરમાર્થનું પ્રતિપાદન પરમાર્થ દ્વારા શક્ય નથી.

હવે, જે જીવ દ્રવ્યશ્રુત દ્વારા લોકાલોકના પરજ્ઞેયોને જાણે છે, અન્ય પદાર્થના

**સુરીતે ભણીને શાસ્ત્ર પણ પ્રકૃતિ અભવ્ય નહીં તજે,**
**સાકરસહિત ક્ષીરપાનથી પણ સર્પ નહિ નિર્વિષ બને. ૩૧૭.　　—શ્રી સમયસાર**

દ્રવ્ય-ગુણ-પર્યાયાદિને જાણે છે તે જીવને વ્યવહારથી શ્રુતકેવળી કહે છે. પરસંબંધી જે જ્ઞાન થયું, તે જ્ઞાનની પર્યાયને જ્ઞેયો સાથે સંબંધ નથી પણ આત્મા સાથે સંબંધ છે. જેમ અરીસામાં કોલસાનું, અગ્નિનું, બરફનું પ્રતિબિંબ પડે છે, તેને કોલસા સાથે જો સંબંધ હોય તો અરીસો કાળો થઈ જવો જોએ, અગ્નિ સાથે સંબંધ હોય તો અરીસો ગરમ થઈ જવો જોઈએ. પરંતુ તેમ થતું નથી, કારણ કે પ્રતિબિંબને અરીસા સાથે સંબંધ છે, પર પદાર્થો સાથે સંબંધ નથી.

તેમ દ્રવ્યશ્રુત વડે પર જ્ઞેયોને જાણતું જ્ઞાન પરજ્ઞેયો સાથે સંબંધ રાખતું નથી, પરજ્ઞેયોનું તે જ્ઞાન નથી. પરજ્ઞેયોને જાણતું જ્ઞાન તે પોતાના જ્ઞાનની પર્યાય છે. તેથી તેને આત્મા સાથે સંબંધ છે. એ રીતે સર્વ જ્ઞેયોને જાણતું જ્ઞાન એટલે કે સર્વશાસ્ત્રોનું જ્ઞાન જેને હોય છે તે જીવ વ્યવહારથી શ્રુતકેવળી છે.

દ્રવ્યશ્રુત વડે પરજ્ઞેયોને જાણતું જ્ઞાન આત્મા છે કે અનાત્મા? જો તે જ્ઞાનને અનાત્મા કહીએ તો બરાબર નથી કારણ કે આકાશાદિ પાંચ અચેતન પદાર્થોનું જ્ઞાન સાથે તાદાત્મ્ય સંભવતું નથી. તેથી એમ સિદ્ધ થયું કે સર્વને જાણતું તે જ્ઞાન આત્મા છે. એ રીતે શ્રુતજ્ઞાન તે આત્મા જ છે એમ નક્કી થયું. આમ થવાથી 'જે આત્માને જાણે છે તે શ્રુતકેવળી છે' એમ જ ઠરે છે અને તે તો પરમાર્થ છે. આ રીતે જ્ઞાન અને જ્ઞાનીના ભેદથી કહેનાર વ્યવહાર વડે પરમાર્થનું જ પ્રતિપાદન થાય છે.

વ્યવહાર વડે પરમાર્થનું પ્રતિપાદન થતું હોવાથી અને પરમાર્થને વ્યવહાર વિના સમજાવવો અશક્ય હોવાથી, પરમાર્થના પ્રતિપાદન તરીકે વ્યવહારનું સ્થાપન કરવું પડે છે. પરંતુ વ્યવહાર આદરવા યોગ્ય નથી. વ્યવહાર નિશ્ચયને બતાવે છે તોપણ વ્યવહાર વડે નિશ્ચય સાધ્ય ન હોવાથી વ્યવહાર આદરવા લાયક નથી. માત્ર પરમાર્થના પ્રતિપાદન અર્થે સ્થાપવા યોગ્ય છે. (ક્રમશઃ) ❊

---

જે અનાદિ છે અર્થાત્ કોઈ કાળે ઉત્પન્ન થયું નથી, જે અનંત છે અર્થાત્ કોઈ કાળે જેનો વિનાશ નથી, જે અચળ છે અર્થાત્ જે કદી ચૈતન્યપણાથી અન્યરૂપ—ચળાચળ—થતું નથી, જે સ્વસંવેદ્ય છે અર્થાત્ જે પોતે પોતાથી જ જણાય છે અને જે પ્રગટ છે અર્થાત્ છૂપું નથી—એવું જે આ ચૈતન્ય અત્યંતપણે ચકચકાટ પ્રકાશી રહ્યું છે, તે પોતે જ જીવ છે. (આ. અમૃતચંદ્રદેવ, સમયસાર કળશ-૪૧)

**નિર્વેદને પામેલ જ્ઞાની કર્મફળને જાણતો,**
**—કડવા મધુર બહુવિધને, તેથી અવેદક છે અહો! ૩૧૮.** **–શ્રી સમયસાર**




# શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન



(તા. ૯-૫-૪૪, મંગળવાર) વ્યાખ્યાન નં. ૧૯
(ગાથા ૧૫)

હવે, ટીકાકાર મુનિરાજ કહે છે કે :—

(માલિની)

**अपि च बहुविभावे सत्ययं शुद्धदृष्टिः**
**सहजपरमतत्त्वाभ्यासनिष्णातबुद्धिः।**
**सपदि समयसारान्नान्यदस्तीति मत्त्वा**
**स भवति परमश्रीकामिनीकामरूपः॥२७॥**

જીવમાં વિભાવ હોવા છતાં અર્થાત્ ક્ષણિક અવસ્થામાં રાગાદિ હોવા છતાં પણ કોઈ સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાની બુદ્ધિ તત્ત્વાર્થદૃષ્ટિમાં જોડીને 'સમયસાર એટલે કે શુદ્ધઆત્મા સિવાય બીજું કાંઈ હું નથી' એમ અનુભવ કરે છે; ભલે શરીર હો પણ આત્મા તો ત્રિકાળ શુદ્ધ, તેના ગુણો ત્રિકાળ શુદ્ધ અને ગુણોની અવસ્થા પણ ત્રિકાળ એકરૂપ શુદ્ધ પડી છે. આ કર્મના નિમિત્તની ઊણી કે પૂરી અવસ્થા એક ક્ષણ પૂરતી છે, એવું જેને ભાન છે તેને તત્ત્વદૃષ્ટિ કહ્યો છે. વસ્તુ, વસ્તુના ગુણો અને ગુણોના આકારે થતી તે તે પૂરતી અવસ્થા તે ત્રિકાળ શુદ્ધ છે, એવી તત્ત્વદૃષ્ટિમાં જામીને—એકાગ્ર થઈને તે એવું માને છે કે શુદ્ધ આત્મસ્વરૂપ સિવાય જગતમાં બીજું કાંઈ કલ્યાણકારી નથી. જેમ આત્માનું કલ્યાણ પરમાં નથી તેમ આત્માનો સંસાર પણ પરમાં નથી; એક સમય પૂરતો પોતાનો માનેલો ઊંધો ભાવ તે જ સંસાર છે. બાયડી, છોકરામાં આ આત્માનો સંસાર નથી, પણ બાયડી—છોકરાં મારાં, બાયડી—છોકરાં વગર ન ચાલે એવી ઊંધી માન્યતા જ સંસાર છે.

"ગુણ તો આત્મામાં છે, બહારમાં નથી; ધર્મ આત્મામાં છે તો ધર્મની ઊંધાઈરૂપ સંસાર પણ આત્મામાં જ છે. શરીર કે વિકાર ભલે પડ્યા, હું ચૈતન્યજ્યોત તો એક સમયમાં બધી રીતે પરિપૂર્ણ છું." એવી બુદ્ધિથી ધર્મદૃષ્ટિવંત, જેમ દૂધ ઘટ્ટ થઈને

**કરતો નથી, નથી વેદતો જ્ઞાની કરમ બહુવિધને,**
**બસ જાણતો એ બંધ તેમ જ કર્મફળ શુભ-અશુભને. ૩૧૯.** **–શ્રી સમયસાર**

દહીંરૂપે જામી જાય પછી હલે નહિ તેમ, પોતાના સ્વભાવમાં જામી જાય છે; એ શુદ્ધ આત્માના સ્વભાવમાં એકાગ્ર થઈને એવું માને છે કે—આ શુદ્ધ આત્માના સ્વભાવ સિવાય બીજું કોઈ મારું કલ્યાણ કરનાર નથી, અંદર સમ્યગ્દર્શન વગેરે નિર્મળ અવસ્થા તે પણ પૂર્ણ હું નહિ, તે અવસ્થા ક્ષણિક છે અને હું ત્રિકાળી છું, જ્યાં આવું માન્યું ત્યાં ધર્મી જીવને દુ:ખ ક્યાં રહ્યું? આકુળતા શેની રહી? આવા આત્માના ત્રિકાળી સ્વભાવનો જે અભ્યાસ કરે તે જગતની ધૂળનો ધણી છૂટીને આત્માની મોક્ષરૂપી સુંદર લક્ષ્મીનો ધણી શીઘ્ર થાય છે.

આ દશા આત્માથી પ્રગટ થઈ શકે તેવી છે તેથી આત્માને કહે છે કે 'તું આ પ્રમાણે શુદ્ધ આત્માનો અભ્યાસ કર, તો મુક્તિરૂપી લક્ષ્મીનો ધણી થા!' આ કાંઈ લાકડાંને નથી કહેતા. શરીર, મન, વાણીથી અને વિકારભાવથી ઉદાસ બુદ્ધિ કરીને પોતાના શુદ્ધ પવિત્ર આનંદઘન સ્વભાવમાં રમવાની ભાવના કરવાનું કહ્યું છે. અહા! આ દસથી પંદર ગાથાઓમાં તો જૈનદર્શનનું સૂક્ષ્મ, ઊંડું વીતરાગના પેટનું રહસ્ય આચાર્યદેવે મૂકી દીધું છે. ૧૫.

હવે, આત્મા દ્રવ્ય-ગુણ અને પર્યાયે પણ ત્રિકાળ શુદ્ધ કહ્યો, પણ તેથી વર્તમાન ક્ષણિક અવસ્થામાં વિકાર છે તેનો કોઈ નકાર કરે તો તેના જ્ઞાનમાં ભૂલ છે—એ બતાવવા માટે ચાર ગતિનું વિશેષ સ્વરૂપ બે ગાથા દ્વારા કહે છે :—

**माणुस्सा दुवियप्पा कम्ममहीभोगभूमिसंजादा।**
**सत्तविहा णेरइया णादव्वा पुढविभेदेण॥१६॥**

**चउदहभेदा भणिदा तेरिच्छा सुरगणा चउब्भेदा।**
**एदेसिं वित्थारं लोयविभागेसु णादव्वम्॥१७॥ जुम्मं**

मानुषा द्विविकल्पाः कर्ममहीभोगभूमिसंजाताः।
सप्तविधा नारका ज्ञातव्याः पृथ्वीभेदेन॥१६॥
चतुर्दशभेदा भणितास्तिर्यञ्चः सुरगणाश्चतुर्भेदाः।
एतेषां विस्तारो लोकविभागेषु ज्ञातव्यः॥१७॥

પોતાના જ્ઞાનસ્વરૂપને ભૂલીને જીવની જે મનુષ્યઆકૃતિ અને મનુષ્યદેહ તે

**જ્યમ નેત્ર, તેમ જ જ્ઞાન નથી કારક, નથી વેદક અરે!**
**જાણે જ કર્મોદય, નિરજરા, બંધ તેમ જ મોક્ષને. ૩૨૦. –શ્રી સમયસાર**

સામાન્ય મનુષ્ય કહ્યા, હવે તેના બે પ્રકાર કહે છે; (૧) કર્મભૂમિથી જન્મેલા અને (૨) ભોગભૂમિથી જન્મેલા. જ્યાં અસિ, મસિ અને કૃષિથી કાર્ય ચાલે એટલે દાનાદિ કાર્યો જ્યાં હોય એવા સ્થાનમાં જન્મેલા મનુષ્યો તે કર્મભૂમિના મનુષ્યો કહેવાય છે, તથા ભોગભૂમિ એટલે કે જ્યાં દાનાદિ શુભકર્મનું ફળ ભોગવવાનું સ્થાન છે અને કલ્પવૃક્ષોથી કાર્ય ચાલે છે એવા સ્થાનમાં જન્મેલા મનુષ્યને ભોગભૂમિના મનુષ્ય કહેવાય છે. તિર્યંચના પૃથ્વી વગેરે ચૌદ ભેદ છે, દેવના ચાર ભેદ છે અને નારકીના સાત ભેદ છે.

ઋષભદેવ ભગવાન થયા ત્યાર પહેલાં અઢાર [૧]ક્રોડાક્રોડી સાગરોપમ સુધી ભરતક્ષેત્રમાં (અહીં) જુગલિયા જ હતા અને ભોગભૂમિ જ હતી, પછી એક કુલકર અવધિજ્ઞાની થયા, અને તલવારથી, લખવાથી અને ખેડથી કાર્ય જ્યારથી શરૂ થયું ત્યારથી કર્મભૂમિની ભરતક્ષેત્રમાં શરૂઆત થઈ. આ રીતે ભોગભૂમિનો અંત અને કર્મભૂમિની શરૂઆતમાં ચૌદ કુલકર થયા, તથા શ્રીઋષભદેવ અને ભરતચક્રવર્તી એ બે પાછળથી થયા, તે મળી કુલ સોળ કુલકર થયા. (કુલકર એટલે તે વખતનો મુખ્ય માણસ) તેમણે લોકોને આજીવિકાનું સાધન તથા બીજી જરૂરિયાતવાળી ક્રિયાઓ બતાવી. ત્યાર પહેલાં બધા કલ્પવૃક્ષથી આજીવિકા વગેરે ચલાવતા, તે માટે તેમને કાંઈ કરવું પડતું નહિ. (ક્રમશઃ) ❊

૧ અસંખ્ય અબજ વર્ષનો એક પલ્યોપમ થાય છે, અને એવા ૧૦ ક્રોડાક્રોડી પલ્યોપમનો એક સાગરોપમ થાય છે, અને એવા એક કરોડ સાગરોપમને એક કરોડથી ગુણવામાં આવે તેને એક ક્રોડાક્રોડી સાગરોપમ કહેવાય છે. (૧૦૦૦૦૦૦૦,૦૦૦૦૦૦૦) એકડા ઉપર ચૌદ મીંડા—તે ક્રોડાક્રોડી કહેવાય છે.

(અનુસંધાન પેજ નં. ૧૮ થી ચાલુ)

છે. અર્થાત્ સૌથી પહેલો ત્યાગ મિથ્યાત્વનો જ થાય છે. જ્યાં સુધી આવી દૃષ્ટિ ન થાય અને મિથ્યાત્વનો ત્યાગ ન થાય ત્યાં સુધી સાચો ત્યાગ જરાપણ હોઈ શકે નહિ. અને સાચી દૃષ્ટિપૂર્વક મિથ્યાત્વનો ત્યાગ કર્યા પછી, ક્રમે ક્રમે જેમ જેમ સ્વરૂપની સ્થિરતા વડે રાગનો ત્યાગ કરે તેમ તેમ તે અનુસાર બાહ્ય સંયોગો સ્વયં છૂટતા જાય છે. પરદ્રવ્ય ઉપર આત્માનો પુરુષાર્થ ચાલતો નથી તેથી પરદ્રવ્યનું ગ્રહણ-ત્યાગ આત્માને નથી, પણ પોતાના ભાવ ઉપર પોતાનો પોતાનો પુરુષાર્થ ચાલી શકે છે અને પોતાના ભાવનું જ ફળ આત્માને છે. જ્ઞાનીઓ કહે છે કે સૌથી પહેલાં પુરુષાર્થ વડે આત્માની સાચી સમજણ કરી મિથ્યાત્વભાવને છોડો...મિથ્યાત્વ ભાવનો ત્યાગ એ જ મોક્ષનું કારણ છે....મિથ્યાત્વનો નાશ કરીને સમ્યગ્દર્શનની આરાધના જેણે પ્રગટ કરી તે જીવ અલ્પકાળમાં મોક્ષ પામશે. (ક્રમશઃ) ❊



# વૈરાગ્ય–ભાવના

(શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

હવે, જીવોના બાદર-સૂક્ષ્મ આદિ ભેદ તથા બાદર-સૂક્ષ્મ કોણ-કોણ છે ? તે કહે છે–

**पुण्णा वि अपुण्णा वि य थूला जीवा हवंति साहारा।**
**छविहसुहुमा जीवा लोयायासे वि सव्वत्थ ॥१२३॥**

**पुढवीजलग्गिवाऊ चत्तारि वि होंति बायरा सुहुमा।**
**साहारणपत्तेया वणप्फदी पंचमा दुविहा ॥१२४॥**

અર્થ :—જે જીવ આધાર સહિત છે તે તો સ્થૂળ એટલે બાદર છે, અને તે પર્યાપ્ત છે તથા અપર્યાપ્ત પણ છે; તથા જે લોકાકાશમાં સર્વત્ર અન્ય આધાર રહિત છે તે જીવ સૂક્ષ્મ છે. તેના છ પ્રકાર છે.

પૃથ્વી, જળ, અગ્નિ અને વાયુ–એ ચાર તો બાદર પણ છે તથા સૂક્ષ્મ પણ છે, તથા પાંચમી વનસ્પતિ છે તે પ્રત્યેક અને સાધારણ–એવા ભેદથી બે પ્રકારની છે.

જગતમાં અપર્યાપ્તની અપેક્ષાએ પર્યાપ્ત જીવ અધિક છે. કોઈ જીવ, પર્યાપ્ત થઈને અપર્યાપ્ત થાય છે અને કોઈ અપર્યાપ્ત થઈને પર્યાપ્ત થાય છે. પરંતુ જગતમાં પર્યાપ્ત અને અપર્યાપ્ત જીવ તો હંમેશા છે, તેનો ક્યારેય અભાવ થતો નથી.

વનસ્પતિના એક શરીરમાં એક જીવ રહે છે અથવા અનંત જીવ રહે છે, વચ્ચેનો ભેદ નથી. આ જીવોને કોઈ મારી શકે, બચાવી શકે–તેની વાત નથી પરંતુ એવું વસ્તુસ્વરૂપ જગતમાં છે, તેને જાણવું તે જ્ઞાનનો સ્વભાવ છે. જગતમાં આવા જીવો છે–એમ જ્ઞાનમાં જાણવાની વાત છે. જો એમ જ્ઞાન ન કરે તો અજ્ઞાની થશે અથવા અલ્પજ્ઞ થશે.

હવે સાધારણ અને પ્રત્યેકના સૂક્ષ્મપણાને કહે છે :—

**જ્યમ લોક માને ‘દેવ, નારક આદિ જીવ વિષ્ણુ કરે’,**
**ત્યમ શ્રમણ પણ માને કદી ‘આત્મા કરે ષટ્ કાયને’, ૩૨૧. –શ્રી સમયસાર**

साहारणा वि दुविहा अणाइकाला य साइकाला य।
ते वि य बादरसुहुमा सेसा पुण बायरा सव्वे ॥१२५॥

અર્થ :—સાધારણ જીવો બે પ્રકારના છે : અનાદિકાલીન એટલે નિત્યનિગોદ તથા સાદિકાલીન એટલે ઇતરનિગોદ. એ બંને બાદર પણ છે તથા સૂક્ષ્મ પણ છે અને બાકીના પ્રત્યેક વનસ્પતિ અને ત્રસ એ બધા બાદર જ છે.

ભાવાર્થ :—પૂર્વે કહેલા જે છ પ્રકારના સૂક્ષ્મ જીવો છે તે પૃથ્વી, જળ, તેજ અને વાયુ તો પહેલી ગાથામાં કહ્યા, તથા નિત્યનિગોદ અને ઇતરનિગોદ એ બંને—એ પ્રમાણે છ પ્રકારના તો સૂક્ષ્મ જાણવા. વળી છ પ્રકાર એ કહ્યા, (તે સિવાય) બાકીના રહ્યા તે સર્વ બાદર જાણવા.

અનાદિકાળથી જે નિગોદમાં જ રહ્યા છે, જેણે ક્યારેય ત્રસનો ભવ કર્યો નથી અને જીવોને મનુષ્યપણું પ્રાપ્ત કરીને આત્માને સમજવાનો સમય પણ મળતો નથી.

પૂર્વે કહેલા જે છ પ્રકારના સૂક્ષ્મ જીવો છે, તેમાં પૃથ્વી, જળ, અગ્નિ અને વાયુ તો પહેલી ગાથામાં કહ્યાં તથા નિત્યનિગોદ અને ઇતરનિગોદ એ બંને—એ પ્રમાણે છ પ્રકારના જીવ તો સૂક્ષ્મ જાણવા તથા આ છ પ્રકાર કહ્યા, તેના સિવાય બાકીના સર્વ જીવ બાદર સમજવા જોઈએ.

હવે સાધારણનું સ્વરૂપ કહે છે :—

साहारणाणि जेसिं आहारुस्सासकायआऊणि।
ते साहारणजीवा णताणंतप्पमाणाणं ॥१२६॥

અર્થ :—જે અનંતાનંત પ્રમાણ જીવોને આહાર, ઉચ્છ્વાસ, કાય અને આયુ સાધારણ એટલે સમાન છે તે બધા સાધારણ જીવ છે.

વળી ગોમ્મટસારમાં કહ્યું છે કે—

''जत्थेक्कु मरइ जीवो, तत्थ दु मरणं हवे अणंताणं।
चंकमइ जत्थ एक्को, चंकमणं तत्थ णंताणं॥''

*(ગોમ્મટ૦ જીવ૦ ગા૦ ૧૯૩)*

**તો લોક-મુનિ સિદ્ધાંત એક જ, ભેદ તેમાં નવ દીસે,**
**વિષ્ણુ કરે જ્યમ લોકમતમાં, શ્રમણમત આત્મા કરે; ૩૨૨. –શ્રી સમયસાર**

અર્થ :—જ્યાં એક સાધારણ નિગોદ જીવ ઊપજે, ત્યાં તેની સાથે જ અનંતાનંત જીવ ઊપજે તથા એક નિગોદ જીવ મરે ત્યાં તેની સાથે જ અનંતાનંત સમાનઆયુવાળા જીવ મરે છે.

ભાવાર્થ :—એક જીવ જે આહાર કરે, તે જ અનંતાનંત જીવોનો આહાર; એક જીવ શ્વાસોચ્છ્વાસ લે, તે જ અનંતાનંત જીવોનો શ્વાસોચ્છ્શ્વાસ; એક જીવનું શરીર, તે જ અનંતાનંત જીવોનું શરીર તથા એક જીવનું આયુષ; તે જ અનંતાનંત જીવોનું આયુષ; એ પ્રમાણે સર્વ સમાન છે તેથી તેમનું સાધારણ નામ જાણવું.

જે જીવ, આત્માના સ્વભાવની વિરાધના કરીને નિગોદમાં ગયો, ત્યાં અનંતા જીવોનું એક જ શરીર છે; એક જીવનો જે આહાર છે, તે જ અનંત જીવોનો આહાર છે. જુઓ, જીવને આહાર છે– આ તો નિમિત્તનું કથન છે, ઉપાદાનમાં તો એક જ પ્રકાર છે કે જીવના પરિણામોની તેવી યોગ્યતા છે. સાધારણ નિગોદમાં આયુ અને શ્વાસોચ્છ્વાસ પણ અનંતજીવોને એક સમાન છે.

જગતમાં ત્રણ પ્રકારથી સમાનતા છે—

૧. સિદ્ધમાં સામ્યતા–સમાનતા છે. ત્યાં સમસ્ત જીવોની–સિદ્ધોની જ્ઞાન-આનંદની પૂર્ણતા સમાન છે, તેમાં હીનાધિકતા નથી.

૨. સાધારણ નિગોદના જીવોમાં એવી સમાનતા છે કે અનંત જીવોને એક જ શરીર, એક જ આહાર, એક જ શ્વાસ અને એક જ આયુષ્ય છે.

જુઓ, તત્ત્વના આરાધક જીવ, સિદ્ધ થઈને સમાનતા પ્રાપ્ત કરે છે અને તત્ત્વના વિરાધના કરવાવાળા જીવ નિગોદમાં જઈ ત્યાં સમાનતા પ્રાપ્ત કરે છે.

૩. આ ઉપરાંત જુગલિયામાં પુણ્ય સંબંધી કિંચિત સમાનતા છે પરંતુ તેની સંખ્યા થોડી છે. સિદ્ધ અને નિગોદમાં અનંત જીવ છે. (ક્રમશઃ) ❊

---

હે ભવ્ય! લોકમાં નમન કરવાયોગ્ય પુરુષો તે પણ જેને નમે છે, ધ્યાવવાવાળા પુરુષો તે પણ જેનું નિરંતર ધ્યાન કરે છે તથા સ્તુતિ કરવાયોગ્ય પુરુષો તે પણ જેની સ્તુતિ કરે છે એવો પરમાત્મા આ દેહમાં બિરાજે છે, તેને ગમે તેમ કરીને પણ જાણ. (શ્રી કુંદકુંદ આચાર્ય, મોક્ષપાહુડ ગાથા-૧૦૭)

**એ રીત લોક-મુનિ ઉભયનો મોક્ષ કોઈ નહીં દીસે,**
**—જે દેવ, મનુજ, અસુરના ત્રણ લોકને નિત્યે કરે. ૩૨૩. –શ્રી સમયસાર**



## અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

સત્પુરુષના પ્રતાપથી અનંતગુણમય ચિદાનંદ પરમાત્મા તુરત પામે છે.

''तनसे मनसे धनसे सबसे, गुरुदेवकी आन स्व आत्म वसे।
तब कारज सिद्ध बने अपनो, रस अमृत पावहि प्रेम घनो।''

આત્મામાં ગુરુનું કહેવું બેસવું જોઈએ, ધર્મદશા પામવામાં જ્ઞાની નિમિત્ત હોય છે. પુણ્યથી ધર્મ મનાવે તે કુગુરુ છે. ચિદાનંદ આત્મામાં અસ્તિત્વ, વિભુત્વ, સ્વચ્છતા, જ્ઞાનાદિ અરૂપી અનંત શક્તિ પડેલી છે તેવા આત્માને જ્ઞાનીના સંગે પોતાની પાત્રતાથી પોતે પામે. શિષ્યને સાંભળવાનો વિકલ્પ ઊઠે છે પણ ગુરુ કહે છે કે ''સ્વભાવમાં જા,'' પર્યાયમાં વિકાર થાય છે તે નિજપદ નથી. જ્યાંસુધી રાગમાં પોતાનું પદ માને ત્યાં સુધી દુઃખી થાય, પર પદને પોતાપણે માને ત્યાં સુધી એટલે કે પોતે મિથ્યાભાવ કરે ત્યાં સુધી આકુળતા રહે, અંતર્દૃષ્ટિ ખોલે, અંતર્સ્વભાવમાં વળવાની પર્યાય પ્રગટ કરે તો મિથ્યા-ભ્રાન્તિ ને અજ્ઞાન ઉત્પન્ન થાય નહિ. ''अपनेको आप भूलके हैरान हो गया'' પોતે પોતાને ભૂલી હેરાન થાય છે.

પુણ્ય-પાપની રુચિ મટતાં જ સાચી શ્રદ્ધા કરી, સ્થિરતા થતાં વીતરાગપદ પામે છે ત્યારે અનાકુળ થઈ અનંત સુખના રસનો આસ્વાદ લ્યે ને આત્માને અમર કરે, તેને જન્મ-મરણ રહે નહિ તે કેવળજ્ઞાન પ્રગટાવી સિદ્ધ થાય. સ્વભાવ તો અમર હતો પણ પર્યાયમાં અમર ન હતો. જુદા જુદા ભવો કરતો ને અમર રહેતો નહિ. હવે ભાન કરી અનાકુળ થઈ, પર્યાયમાં અમર થયો.

જેવી રીતે કોઈ રાજા દારૂ પીને નિંદ્ય-સ્થાનમાં રતિ માને, તેવી રીતે નિજાનંદ આત્મા શરીરથી જુદો હોવા છતાં શરીર, કર્મ અને પુણ્ય-પાપરૂપી દેહમાં રતિ માને છે. વિકાર આત્માનું ખરું સ્વરૂપ નથી, માટે તેને વિકારી દેહ કહે છે. રૂપાળું શરીર ઠીક છે એમ માનનારને ચિદાનંદ ઠીક છે એમ લાગતું નથી.

**વ્યવહારમૂઢ અતત્ત્વવિદ્ પરદ્રવ્યને 'મારું' કહે,**
**'પરમાણુમાત્ર ન મારું' જ્ઞાની જાણતા નિશ્ચય વડે. ૩૨૪.　　–શ્રી સમયસાર**

હવે, જેમ રાજાને, દારૂનો મદ ઉતરે ત્યારે રાજપદનું જ્ઞાન થઈને દીવાનખાનામાં જાય, તેમ અજ્ઞાનીએ મોહનો દારૂ પીધો હતો તે મદ ઊતરવાથી એટલે કે મોહનો નાશ કરી પોતાના પદનું જ્ઞાન થતાં પોતે સચ્ચિદાનંદસ્વરૂપ છે એમ ભાસે ને પોતાની સંપદા વિલસે.

જેમ રાજાએ દારૂ પીધેલો તેથી નિંદ્ય-સ્થાનમાં રતિ માનતો, તેમ મિથ્યાત્વનો દારૂ પીધેલ આત્મા દેહમાં ને પુણ્ય-પાપમાં રતિ માને છે. વળી જેમ રાજાને મદ ઊતરે ત્યારે રાજપદનું જ્ઞાન થાય છે કે હું તો રાજા છું, તેમ ભગવાન આત્માની જ્યોતિ તો એવી ને એવી છે. પુણ્ય-પાપની વૃત્તિ ઊઠે છે તે વિકાર છે, મારા સ્વરૂપમાં નથી—એવું ભેદજ્ઞાન થયે આત્માનો અનુભવ થાય છે. તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે.

પ્રશ્ન :—જ્ઞાન પોતાનું સ્વરૂપ છે, તે પોતાને કેમ ન જાણે? આત્મા જ્ઞાનથી વ્યાપક છે, તો તેનું જ્ઞાન પોતાને કેમ જાણતું નથી? પોતાનું જ્ઞાન પરને જાણે, દયા, દાન, શરીર, વાણીને જાણે, જડની ક્રિયાને જાણે, તો પોતાને કેમ જાણતું નથી? એમ શિષ્યને સમજવાની ઝંખના થઈ છે.

મન, વાણી ને કર્મ તથા જે શુભાશુભ ભાવો થાય તે પરથી તન્મય છે, મૂળ સ્વરૂપમાં તે નથી. એવો મારો જ્ઞાનસ્વભાવ આપ કહો છો તો મારું જ્ઞાન મને કેમ ન જાણે? એમ શિષ્યને જિજ્ઞાસા થઈ છે. આ પ્રશ્નમાં સમજવાની ધગશ તથા નિર્માનતા છે. શિષ્ય આત્માને સમજવાનો કામી છે એમ બતાવે છે. બીજો કોઈ મનરોગ નથી. મારું જ્ઞાન મને જાણવામાં કામ ન આવે, એ મને શું થયું? એમ પ્રશ્ન પૂછે છે.

સમાધાન :—જ્ઞાન અનાદિથી પરમાં રોકાઈ ગયું છે. રાગ અને પર પદાર્થોમાં જ્ઞાન ફેલાઈને રોકાઈ ગયું છે. ભગવાન આત્મા સમ્યક્જ્ઞાનનો સૂર્ય છે. દેહ, મન, વાણીથી પાર ને કર્મથી પાર અંદર ગુપ્ત છે. પોતે તો પ્રગટ છે, પરંતુ તેનું જ્ઞાન દેહ, મન વગેરેમાં તથા શુભાશુભ પરિણામમાં રોકાઈ, પરનું થઈ રહ્યું છે. તેનું નામ મિથ્યાભ્રાંતિ—અધર્મ છે. આત્મા શક્તિરૂપે જ્ઞાનસમુદ્ર છે. તેમાંથી અવસ્થા વહે છે, તે પોતાને ન જાણતાં આ દયા પાળી, અહિંસા થઈ, આ વાણી સારી છે, હું બોલ્યો, આમ પોતાનું જ્ઞાન સ્વ-પરપ્રકાશક હોવા છતાં પરમાં થંભી રહ્યું છે, પરનું જ થઈ રહ્યું છે. જોકે પરનું થતું નથી, પણ પરનું થયું એમ માને છે. જે પ્રકારનો રાગ આવે તે પ્રકારના રાગને જાણતું જ્ઞાન પ્રગટે છે, માટે રાગનું જ્ઞાન થયું માને છે. પણ ચૈતન્યમૂર્તિ જ્ઞાનસ્વભાવનું જ્ઞાન છે એમ જાણતો નથી. અનાદિથી જ્ઞાન સ્વભાવથી પરાઙ્મુખ થઈને વિકારની સન્મુખતા કરી પરમાં રોકાણું છે. (ક્રમશઃ) ❊

# જિજ્ઞાસુએ ધર્મ કેવી રીતે કરવો ?

## વારંવાર જ્ઞાનમાં એકાગ્રતાનો અભ્યાસ કરવો

અહીં સૌથી પહેલાં આત્માનો નિર્ણય કરીને પછી અનુભવ કરવાનું કહ્યું છે. પહેલામાં પહેલાં, 'હું નિશ્ચય જ્ઞાનસ્વરૂપ છું, બીજું કાંઈ રાગાદિ મારું સ્વરૂપ નથી' એવો નિર્ણય જ્યાં સુધી ન થાય ત્યાં સુધી સત્સમાગમે સાચા શ્રુતજ્ઞાનને ઓળખીને તેનો પરિચય કરવો; સત્શ્રુતના પરિચયથી જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કર્યા પછી મતિ-શ્રુતજ્ઞાનને તે જ્ઞાનસ્વભાવ તરફ વાળવાનો પ્રયત્ન કરવો, નિર્વિકલ્પ થવાનો પુરુષાર્થ કરવો. આ જ પ્રથમનો એટલે કે સમ્યક્ત્વનો માર્ગ છે. આમાં તો વારંવાર જ્ઞાનમાં એકાગ્રતાનો અભ્યાસ જ કરવાનો છે, બહારમાં કાંઈ કરવાનું ન આવ્યું પણ જ્ઞાનમાં જ સમજણ અને એકાગ્રતાનો પ્રયાસ કરવાનું આવ્યું. જ્ઞાનમાં અભ્યાસ કરતાં કરતાં જ્યાં એકાગ્ર થયો ત્યાં તે જ વખતે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનરૂપે આ આત્મા પ્રગટ થાય છે. આ જ જન્મ-મરણ ટાળવાનો ઉપાય છે. એકલો જાણકસ્વભાવ છે તેમાં બીજું કાંઈ કરવાનો સ્વભાવ નથી. નિર્વિકલ્પ અનુભવ થયા પહેલાં આવો નિશ્ચય કરવો જોઈએ. આ સિવાય બીજું માને તો વ્યવહારે પણ આત્માનો નિશ્ચય નથી. અનંત ઉપવાસ કરે તોયે આત્માનું જ્ઞાન ન થાય, બહારમાં દોડાદોડી કરે તેનાથી પણ જ્ઞાન ન થાય, પણ જ્ઞાનસ્વભાવની પક્કડથી જ જ્ઞાન થાય. આત્મા તરફ લક્ષ અને શ્રદ્ધા કર્યા વગર સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન થાય ક્યાંથી? પહેલાં દેવ-ગુરુ-શાસ્ત્રના નિમિત્તથી અનેક પ્રકારે શ્રુતજ્ઞાન જાણે અને તે બધામાંથી એક જ્ઞાનસ્વભાવી આત્માને તારવે, પછી તેનું લક્ષ કરી પ્રગટ અનુભવ કરવા માટે, મતિ-શ્રુતજ્ઞાનની બહાર વળતી પર્યાયોને સ્વસન્મુખ કરતાં તત્કાળ નિર્વિકલ્પ નિજસ્વભાવરસ આનંદનો અનુભવ થાય છે. પરમાત્મસ્વરૂપનું દર્શન જે વખતે કરે છે તે જ વખતે આત્મા પોતે સમ્યગ્દર્શનરૂપ પ્રગટ થાય છે; જેને આત્માની પ્રતીત આવી ગઈ છે તેને પાછળથી વિકલ્પ આવે ત્યારે પણ તે આત્મદર્શન થઈ ગયું છે તેનું તો ભાન છે, એટલે કે આત્માનુભવ પછી વિકલ્પ ઊઠે તેથી સમ્યગ્દર્શન ચાલ્યું જતું નથી. કોઈ વેશમાં કે વાડામાં સમ્યગ્દર્શન નથી પણ સ્વરૂપ એ જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે.

સમ્યકદર્શનથી જ્ઞાનસ્વભાવી આત્માનો નિશ્ચય કર્યા પછી પણ શુભભાવ આવે

**જ્યમ પુરુષ કોઈ કહે 'અમારું ગામ, પુર ને દેશ છે',**
**પણ તે નથી તેનાં, અરે! જીવ મોહથી 'મારાં' કહે; ૩૨૫. –શ્રી સમયસાર**

ખરા, પરંતુ આત્મહિત તો જ્ઞાનસ્વભાવનો નિશ્ચય કરવાથી જ થાય છે. જેમ જેમ જ્ઞાનસ્વભાવની દૃઢતા વધતી જાય તેમ તેમ શુભભાવ પણ ટળતા જાય છે. બહારના લક્ષે જે વેદન થાય તે બધું દુઃખરૂપ છે, અંદરમાં શાંતરસની મૂર્તિ જ આત્મા છે તેના લક્ષે જે વેદન થાય તે જ સુખ છે. સમ્યગ્દર્શન તે આત્માનો ગુણ છે, ગુણ તે ગુણીથી જુદો ન હોય. એક અખંડ પ્રતિભાસમય આત્માનો અનુભવ તે જ સમ્યગ્દર્શન છે.

## છેલ્લી ભલામણો

હે ભવ્ય! આ આત્મકલ્યાણનો નાનામાં નાનો (બધાથી થઈ શકે તેવો) ઉપાય છે. બીજા બધા ઉપાય છોડીને આ જ કરવાનું છે. હિતનું સાધન બહારમાં લેશમાત્ર નથી, મોક્ષાર્થીએ સત્સમાગમે એક આત્માનો જ નિશ્ચય કરવો. વાસ્તવિક તત્ત્વની શ્રદ્ધા વગર અંદરના વેદનની રમઝટ નહિ જામે. પ્રથમ અંતરથી સત્‌નો હકાર આવ્યા વગર સત્‌સ્વરૂપનું જ્ઞાન થાય નહિ અને સત્‌સ્વરૂપના જ્ઞાન વગર ભવબંધનની બેડી તૂટે નહિ. ભવબંધનના અંત વગરનાં જીવન શા કામના? ભવના અંતની શ્રદ્ધા વગર કદાચ પુણ્ય કરે તો તેનું ફળ રાજપદ કે દેવપદ મળે, પરંતુ તેમાં આત્માને શું? આત્માના ભાન વગરના તો એ પુણ્ય અને દેવપદ બધાંય ધૂળધાણી જ છે, તેમાં આત્માની શાંતિનો અંશ પણ નથી. માટે પહેલાં શ્રુતજ્ઞાન વડે જ્ઞાનસ્વભાવનો દૃઢ નિશ્ચય કરતાં પ્રતીતમાં ભવની શંકા જ રહેતી નથી, અને જેટલી જ્ઞાનની દૃઢતા થાય તેટલી શાંતિ વધતી જાય છે.

ભાઈ, પ્રભુ! તું કેવો છો, તારી પ્રભુતાનો મહિમા કેવો છે એ તેં જાણ્યો નથી. તારી પ્રભુતાના ભાન વગર તું બહારમાં જેનાં-તેનાં ગાણાં ગાયા કરે તો તેમાં કંઈ તને તારી પ્રભુતાનો લાભ નથી. પરનાં ગાણા ગાયા પણ પોતાના ગાણાં ગાયા નહિ; ભગવાનની પ્રતિમા સામે કહે કે 'હે નાથ, હે ભગવાન! આપ અનંતજ્ઞાનના ધણી છો' ત્યાં સામો પણ એવો જ પડઘો પડે કે 'હે નાથ, હે ભગવાન! આપ અનંતજ્ઞાનના ધણી છો...'

શુદ્ધાત્મસ્વરૂપનું વેદન કહો, જ્ઞાન કહો, શ્રદ્ધા કહો, ચારિત્ર કહો, અનુભવ કહો કે સાક્ષાત્કાર કહો—જે કહો તે આ એક આત્મા જ છે. વધારે શું કહેવું? જે કાંઈ છે તે આ એક આત્મા જ છે, તેને જ જુદા જુદા નામથી કહેવાય છે. કેવળીપદ, સિદ્ધપદ કે સાધુપદ એ બધા એક આત્મામાં જ સમાય છે. સમાધિમરણ, આરાધના એ વગેરે નામો પણ સ્વરૂપની સ્થિરતાના જ છે. આ પ્રમાણે આત્મસ્વરૂપની સમજણ એ જ સમ્યગ્દર્શન છે અને એ સમ્યગ્દર્શન જ સર્વ ધર્મનું મૂળ છે, સમ્યગ્દર્શન જ આત્માનો ધર્મ છે.

**એવી જ રીત જે જ્ઞાની પણ 'મુજ' જાણતો પરદ્રવ્યને,**
**નિજરૂપ કરે પરદ્રવ્યને, તે જરૂર મિથ્યાત્વી બને. ૩૨૬.** **–શ્રી સમયસાર**

## એકવાર પણ જે મિથ્યાત્વનો ત્યાગ કરે તે જરૂર મોક્ષ પામે

પ્રશ્ન :—આ જીવ જૈનનો નામધારી સાધુ અનેકવાર થયો, છતાં હજી કેમ તેનો મોક્ષ નથી થયો?

ઉત્તર :—જૈનનો દ્રવ્યલિંગી સાધુ અનંતવાર થયો, એ વાત ખરી, પરંતુ અંતરંગમાં મિથ્યાત્વરૂપ મહાપાપનો ત્યાગ એકેવાર કર્યો નથી, તેથી સંસાર ઊભો જ છે, કેમ કે સંસારનું કારણ મિથ્યાત્વ જ છે.

પ્રશ્ન :—તો પછી ત્યાગી સાધુ થયો તેનું ફળ શું?

ઉત્તર :—બાહ્યમાં પરદ્રવ્યનો ત્યાગ થયો તેનું ફળ આત્માને નથી. પરંતુ 'હું આ પરદ્રવ્યને છોડું' એમ માને તો એવી પરદ્રવ્યની કર્તાબુદ્ધિનું મહાનપાપ આત્માને છે અને તેનું ફળ સંસાર જ છે. અને કદાચ કોઈ જીવ બહારથી ત્યાગી ન દેખાય, પરંતુ જો તેણે સાચી સમજણ દ્વારા અંતરમાં પરદ્રવ્યની કર્તાબુદ્ધિનું અનંત પાપ ત્યાગ્યું હોય તો તે ધર્મી છે અને તેના તે ત્યાગનું ફળ મોક્ષ છે. પ્રથમના નામધારી સાધુ કરતાં આ મિથ્યાત્વનો ત્યાગી અનંતગણો ઉત્તમ છે. પહેલાને મિથ્યાત્વનો અત્યાગ હોવાથી તે સંસારમાં રખડશે અને બીજાને મિથ્યાત્વનો ત્યાગ હોવાથી તે અલ્પકાળમાં જરૂર મોક્ષ પામવાનો છે.

પ્રશ્ન :—ત્યારે અમારે ત્યાગ ન કરવો ને?

ઉત્તર :—એ પ્રશ્નનો ઉત્તર ઉપરમાં જ આવી જાય છે. 'ત્યાગ ન કરવો' એમ ઉપરમાં ક્યાંય પણ કહ્યું નથી, ઊલટું ત્યાગનું ફળ મોક્ષ અને અત્યાગનું ફળ સંસાર એમ ઉપરમાં બતાવ્યું છે. પણ ત્યાગ કોનો? મિથ્યાત્વનો કે પરવસ્તુનો? મિથ્યાત્વના જ ત્યાગનું ફળ મોક્ષ છે. પરવસ્તુનું ગ્રહણ-ત્યાગ કોઈ જીવ કરી શકતો જ નથી, પછી પરવસ્તુના ત્યાગનો પ્રશ્ન ઊઠે જ ક્યાંથી? બાહ્યમાં પરદ્રવ્યનો ત્યાગ થયો તેનું ફળ આત્માને નથી. પ્રથમ સમજણ દ્વારા પરદ્રવ્યમાં કર્તાપણાની બુદ્ધિ છોડવી; તે સમજણમાં જ અનંત પરદ્રવ્યના સ્વામીત્વનો ત્યાગ થયો છે. પરમાં કર્તાપણાની માન્યતાનો ત્યાગ કર્યા પછી જે જે પ્રકારના રાગભાવનો ત્યાગ કરે તે તે પ્રકારના બાહ્ય નિમિત્તો તેની મેળે ટળી જ જાય છે; બહારના નિમિત્તો ખસ્યાં તેનું ફળ આત્માને નથી, પણ અંદર જે રાગભાવનો ત્યાગ કર્યો તે ત્યાગનું ફળ આત્માને છે.

આથી સ્પષ્ટપણે એમ નક્કી થાય છે કે, સૌથી પહેલાં 'કોઈ પરદ્રવ્ય મારું નથી, હું પરદ્રવ્યનો કર્તા નથી'—એમ દૃષ્ટિમાં (અભિપ્રાયમાં, માન્યતામાં) સર્વ પરદ્રવ્યના સ્વામીત્વનો ત્યાગ થઈ જવો જોઈએ. આવી દૃષ્ટિ થાય ત્યારે જ ત્યાગની શરૂઆત થાય

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૦ ઉપર)

# નિજગુણની પ્રાપ્તિ માટે ભગવાનને ઓળખો

પ્રભો ! મોક્ષમાર્ગના નાયક છો તમે કર્મગિરિના ભેદક છો;
અખિલ વિશ્વના જ્ઞાયક છો પ્રભુ તમે જ વંદન લાયક છો.
આપ જેવા પ્રભુ ગુણ અમારા, હું પણ એને ચાહું છું,
તે ગુણ–પ્રાપ્તિ હેતુ જિનવર હું ફરી ફરી તમને વંદું છું.



ભાઈ, તારું હિત ચાહતો હો તો ભગવાન અરિહંતદેવ સિવાય બીજા કોઈ દેવને માનવાનું છોડી દે; હિતનો સાચો માર્ગ દેખાડનારા ભગવાન અરિહંત જ છે. આવા વીતરાગભગવાનને છોડી મોહી જીવોને કોણ ભજે? —જે તીવ્ર મોહી હોય તે ભજે ! પણ જે વિવેકી પોતાનું હિત ચાહતો હોય તે તો કોઈ કુદેવને ભજે નહિ. ભાઈ ! મોહી જીવો તો તારા જેવા છે, એને ભજવાથી તો તારો મોહ જ પુષ્ટ થશે....ને તું સંસારમાં ડુબીશ. અરે ! તું જે પરમ સુખરૂપ ઈષ્ટપદને ઈચ્છે છે તે ઈષ્ટપદને પામેલા જીવ કેવા હોય તેને તો ઓળખ. તારા ઈષ્ટદેવને તો ઓળખ. પોતાના ઈષ્ટદેવને જ ન ઓળખે એની મુર્ખતાની શી વાત !

દેવગુરુધર્મની ઓળખાણમાં જેની ભૂલ છે ને વિપરીતને સેવે છે તેને ગૃહીત મિથ્યાત્વ છે; અને તે ગૃહીતમિથ્યાત્વ ટાળીને સાચા દેવ-ગુરુને પૂજે છતાં જીવાદિ તત્ત્વોના યથાર્થ નિર્ણયમાં જેની ભૂલ છે તેને પણ હજી અગૃહીતમિથ્યાત્વ છે. સાચા દેવ-ગુરુ-ધર્મને ઓળખીને અને તેમણે કહેલા જીવાદિ તત્ત્વોનું યથાર્થ સ્વરૂપ ઓળખીને શ્રદ્ધા કરતાં, ગૃહીત અને અગૃહીત બંને મિથ્યાત્વ ટળીને અપૂર્વ સમ્યગ્દર્શન થાય છે; તે મહાન કલ્યાણનું મૂળ છે.

માટે હે જીવ ! અરિહંતદેવને ઓળખ અને તેમણે દર્શાવેલા તારા શુદ્ધાત્મસ્વભાવને અનુભવમાં લે....તો તને તારા સમ્યક્ત્વાદિ નિજગુણોની પ્રાપ્તિ થશે.



# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

પ્રશ્ન :—પોતાના સત્‌નું જ્ઞાન કરવું કેમ મહત્વપૂર્ણ છે, બીજાના સત્‌નું કેમ નહિ?

ઉત્તર :—પોતાની અપેક્ષાએ બીજા દ્રવ્યો અસત્ છે, પોતે જ સત્ છે. પોતે જ પોતાનો જ્ઞાતા જ્ઞેય ને જ્ઞાનરૂપ સત્ છે. માટે પોતાના સત્‌નું જ્ઞાન કરવું. પોતાના સત્‌નું જ્ઞાન કરતાં અતીન્દ્રિય આનંદની ઝલક આવ્યા વિના રહે જ નહિ; અને આનંદ ન આવે તો તેણે પોતાના સત્‌નું સાચું જ્ઞાન કર્યું જ નથી. મૂળ તો અંતરમાં વળવું એ જ આખા સિદ્ધાંતનો સાર છે.

પ્રશ્ન :—જ્ઞાનીની પ્રરૂપણામાં અસત્‌ની પ્રરૂપણા આવે?

ઉત્તર :—ના, જ્ઞાનીની વાણીમાં અસત્‌ની પ્રરૂપણા ન આવે. જ્ઞાનીને અસ્થિરતા હોય, પણ પ્રરૂપણામાં અસત્ કથન ન આવે. વ્યવહારથી નિશ્ચય થાય, રાગથી લાભ થાય કે રાગથી ધર્મ થાય કે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાર્ય કરે એવી પ્રરૂપણાને અસત્ પ્રરૂપણા કહે છે.

પ્રશ્ન :—પંચાસ્તિકાયને અર્થીપણે સાંભળે છે એટલે શું?

ઉત્તર :—અર્થીપણે એટલે ગરજુ થઈને, સેવક થઈને, દાસ થઈને પંચાસ્તિકાયને સાંભળે છે. જેમ કોઈ મોટા માણસ પાસે યાચક માગે છે તેમ ગુરુ પાસે પાત્ર શિષ્ય યાચક થઈને સાંભળે છે. હું કાંઈક જાણું છું એમ મોટાઈથી સાંભળતો નથી પણ ગરજુ થઈને પોતાનું હિત કરવા સાંભળે છે. પોતાના જ્ઞાનમાં પંચાસ્તિકાયને જાણે છે—નિર્ણય કરે છે.

પ્રશ્ન :—પરસત્તાવલંબી જ્ઞાન છે તે શુદ્ધાત્માનો નિર્ણય કરે છે તે જ્ઞાન પણ નકામું છે?

ઉત્તર :—પર તરફના જ્ઞાનથી સવિકલ્પ નિર્ણય થાય છે તે ખરેખર શુદ્ધાત્માનો

> **તેથી 'ન મારું' જાણી જીવ, પરદ્રવ્યમાં આ ઉભયની**
> **કર્તૃત્વબુદ્ધિ જાણતો, જાણે સુદૃષ્ટિરહિતની. ૩૨૭.** —**શ્રી સમયસાર**

નિર્ણય નથી કહેવાતો સ્વસન્મુખ ઢળીને નિર્વિકલ્પતામાં જે નિર્ણય થાય છે તે જ સાચો શુદ્ધાત્માનો નિર્ણય છે.

પ્રશ્ન :—જે સવિકલ્પ જ્ઞાન કાંઠા સુધી લઈ જાય તેને નકામું કેમ કહેવાય?

ઉત્તર :—સવિકલ્પ જ્ઞાનથી શુદ્ધાત્માનો સ્વાનુભવ થતો નથી. સ્વસન્મુખના જ્ઞાનથી શુદ્ધાત્માનો સ્વાનુભવ પૂર્વક નિર્ણય થાય છે.

પ્રશ્ન :—વ્યવસ્થિત જાણવું તે જ્ઞાનનો સ્વભાવ છે શું?

ઉત્તર :—આત્મા જ્ઞાનસ્વરૂપ છે, એની કેવળજ્ઞાન આદિ પાંચ પર્યાયો છે. કેવળજ્ઞાન પોતાના ગુણના વ્યવસ્થિત કાર્યને જાણે છે ને બીજા દ્રવ્યોના પણ વ્યવસ્થિત કાર્યને જાણે છે. તેમ મતિજ્ઞાન પણ પોતાના ગુણના વ્યવસ્થિત કાર્યને જાણે છે, પરના કાર્યને પણ વ્યવસ્થિત જાણે છે. તેમ શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન પણ પોતાના ગુણના વ્યવસ્થિત કાર્યને જાણે છે અને પરના કાર્યને પણ વ્યવસ્થિત જાણે છે. વ્યવસ્થિત જાણવું એ જ એનો સ્વભાવ છે. આત્મા એકલો જ્ઞાનસ્વરૂપ છે એટલે એની પર્યાય, ગુણ અને દ્રવ્ય બસ જાણનાર જ છે, ફેરફાર કરનાર નથી. પોતામાં પણ કાંઈ ફેરફાર કરવો નથી. જેમ વ્યવસ્થિત કાર્ય થાય છે તેમ જાણે છે. આહાહા! જુઓ તો ખરા! વસ્તુ જ આમ છે, અંદરમાં તો ખૂબ ગંભીરતાથી ચાલતું હતું પણ કહેવામાં તો.....

પ્રશ્ન :—વર્તમાન પર્યાયમાં તો અધૂરું જ્ઞાન છે, તો તે અધૂરા જ્ઞાનમાં પૂરા જ્ઞાનસ્વભાવની ખબર શી રીતે પડે?

ઉત્તર :—જેમ આંખ દોઢ તસુની હોવા છતાં આખા શરીરને જાણી લે છે, તેમ પર્યાયમાં જ્ઞાનનો વિકાસ અલ્પ હોવા છતાં પણ જો તે જ્ઞાન સ્વસન્મુખ થાય તો પૂર્ણ જ્ઞાનસ્વરૂપી આત્માને સ્વસંવેદનથી તે જાણે છે. કેવળજ્ઞાન થયા પહેલાં અધૂરા જ્ઞાનમાં પણ સ્વસંવેદન પ્રત્યક્ષથી પૂર્ણજ્ઞાનસ્વરૂપી આત્માનો નિઃસંદેહ નિર્ણય થાય છે. જેમ જ્ઞાન બહારમાં સ્થૂળ પદાર્થોને જાણવામાં અટકી રહ્યું છે, તેમ જ્ઞાનને જો અંતર્મુખ કરો તો તે જ્ઞાન આત્માને જાણે છે. જેમ સાકરની નાની કટકી ઉપરથી આખી સાકરના સ્વાદનો નિર્ણય થઈ જાય છે. તેમ જ્ઞાનની અલ્પ પર્યાયને અંતર્મુખ કરતાં તેમાં પૂર્ણજ્ઞાનસ્વભાવનો નિર્ણય થઈ જાય છે. કોઈ એમ કહે કે 'અધૂરું જ્ઞાન પૂરા જ્ઞાનને ન જાણી શકે, પૂરું જ્ઞાન થાય ત્યારે જ પૂરા આત્માને જાણે'—તો તેની વાત જૂઠી છે. જો અધૂરું જ્ઞાન પૂરા આત્માને ન જાણી શકે તો તો કદી સમ્યગ્જ્ઞાન થાય જ નહિ. અધૂરું જ્ઞાન પણ સ્વસન્મુખ થઈને આવા આત્મસ્વભાવને જાણે છે તથા પ્રતીત કરે છે; આવું જ્ઞાન એને પ્રતીત કરે ત્યારે જ સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન થાય છે. ❊



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

પ્રશ્ન :—છદ્મસ્થ જ્ઞાની પરને જાણે અને અજ્ઞાની પણ જાણે, તો બંનેની જાણવાની રીત સરખી છે?

સમાધાન :—અજ્ઞાની પરને જાણતી વખતે પરની સાથે એકત્વબુદ્ધિ કરે છે કે જ્ઞેય તે હું છું પણ હું જ્ઞાન છું તેમ જુદો પડતો નથી. જે જણાઈ રહ્યું છે તે જ્ઞેય છે અને જાણે છે તે જ્ઞાન છે એમ બન્નેને જુદાં પાડતો નથી. આ હું જાણનારો જ્ઞાયક અને આ જ્ઞેય તેમ અજ્ઞાનીને ભેદજ્ઞાન નથી અને છદ્મસ્થ જ્ઞાનીને જ્ઞાયકધારા વર્તે છે, કે હું સ્વયં જ્ઞાયક છું. જ્ઞેય જણાય માટે હું જાણનારો તેમ નહિ અર્થાત્ આ જ્ઞેયો જણાય માટે હું જ્ઞાયક છું એમ નહિ, પણ હું સ્વતઃસિદ્ધ જ્ઞાયક છું. તેની દૃષ્ટિ સ્વરૂપ તરફ ચાલી ગઈ છે; જે જે જ્ઞેયો જણાય તે હું નહિ, હું તો જ્ઞાયક છું. જ્ઞેયરૂપે હું નથી, હું જ્ઞાયક છું. જ્ઞેય જણાય તો પણ હું જ્ઞાયક છું. આમ તેનું જ્ઞાન સ્વ-પર પ્રકાશક છે, તેથી જ્ઞાની પોતાને જાણે ને પરને જાણે. પોતે પોતાના અસ્તિત્વપૂર્વક—પોતાની જ્ઞાયકની ધારાપૂર્વક—બીજું જાણે તો પણ હું જ્ઞેય નથી, હું તો જ્ઞાયક છું એમ જાણે છે. તેની દિશા આખી જુદી થઈ ગઈ છે. અજ્ઞાનીની દિશા જુદી અને જ્ઞાનીની દિશા જુદી છે.

અજ્ઞાનીની દૃષ્ટિ બાહ્ય છે, બાહ્ય દૃષ્ટિથી બધું જુએ છે. જ્ઞાનીની દૃષ્ટિ અંતરમાં ગઈ છે, તેથી સ્વના જ્ઞાનપૂર્વક પરને જાણે છે. ભેદજ્ઞાનની ધારાપૂર્વક એટલે કે જ્ઞાતાની–જ્ઞાયકતાની પ્રગટ પરિણતિપૂર્વક તે બીજાને જાણે છે, તેથી તેની દિશા આખી જુદી છે, જોવાની દિશા આખી બદલાઈ ગઈ છે.

પ્રશ્ન :—આત્મસિદ્ધિમાં આવે છે કે, 'જાણનારને જાણ નહિ, કહીએ કેવું જ્ઞાન' તો તે અજ્ઞાન કહેવાય?

સમાધાન :—જાણનારને જાણતો નથી તે તારું જ્ઞાન કેવી જાતનું છે? તે તારી અજ્ઞાનતા છે. જે જાણનારો છે તેને તું જાણતો નથી અને બીજાને તું જાણે છે તે અજ્ઞાનતા છે.

"ઘટપટ આદિ જાણ તું, તેથી તેને માન;
જાણનારને માન નહિ, કહીએ કેવું જ્ઞાન?"

ઘટ—પટ જણાય તેને માને કે આ ઘડો છે, આ વસ્ત્ર છે. બધું બહારનું જણાય તેની 'હા' પાડે છે. આ વસ્તુ છે? તો કહે, હા તે છે; પણ તે જાણ્યું કોણે? જાણનારો કોણ છે? તે કોના અસ્તિત્વમાં જણાય છે? ઘડો પોતાને જાણતો નથી, તેને તું જાણે છે છતાં તે જાણનારો કોણ છે તેને ઓળખતો નથી, તો તારું જ્ઞાન કઈ જાતનું? તે તારી અજ્ઞાનતા છે. તું પોતે આત્મા જાણનારો છો, તેને ઓળખ. તારા અસ્તિત્વને તું ઓળખ. ચૈતન્યના અસ્તિત્વમાં જણાય છે, તે જાણનારો આત્મા છે.

પ્રશ્ન :—પર્યાય દ્રવ્યમાંથી આવે છે એ તો વ્યવહાર થઈ ગયો?

સમાધાન :—ભલે વ્યવહાર કહેવાય; પણ દ્રવ્યમાંથી પર્યાય આવે છે. અનંત મહિમાનો, અનંત શક્તિનો ભંડાર જે દ્રવ્ય છે તેમાંથી પર્યાય પરિણમીને આવે છે. પર્યાય બહારથી આવતી નથી. અનંત ગુણનો ભંડાર જે આત્મા છે તે દ્રવ્ય પરિણમીને પર્યાય આવે છે. પર્યાય ક્ષણે ક્ષણે પરિણમે છે. તે પર્યાય અનંતકાળથી થાય છે તો પણ દ્રવ્યની શક્તિ ઓછી થતી નથી અને લોકાલોકપ્રકાશક જ્ઞાન પ્રગટ થાય તે અનંતકાળ સુધી પરિણમ્યા કરે તો પણ દ્રવ્યમાં કાંઈ ખૂટતું નથી. આવી અનંત શક્તિનો ભંડાર આત્મા છે. દ્રવ્ય પરિણમીને પર્યાય આવે છે, પર્યાય અધ્ધરથી આવતી નથી. જો તે અધ્ધરથી આવે તો પર્યાય જ દ્રવ્ય થઈ જાય. પણ પર્યાય દ્રવ્યના આશ્રયે આવે છે. પર્યાયમાં તો અમુક સામર્થ્ય છે અને દ્રવ્યમાં તો અનંત સામર્થ્ય છે. દ્રવ્યના આશ્રયે પર્યાય આવે છે તે વ્યવહાર છે, પણ તે પર્યાય દ્રવ્યની છે અને દ્રવ્યના આશ્રયે થાય છે.

પ્રશ્ન :—દ્રવ્ય સત્, ગુણ સત્, પર્યાય સત્ અને સત્ અહેતુક છે એમ આવે છે ને?

સમાધાન :—તે દ્રવ્યની સ્વતંત્રતા બતાવે છે કે દ્રવ્ય-ગુણ-પર્યાય બધાં સ્વતંત્ર અને સ્વતઃસિદ્ધ છે. પણ તેથી પર્યાયને દ્રવ્યનો આશ્રય નથી તેવો અર્થ નથી, પર્યાય તે દ્રવ્યના આશ્રયે થાય છે. પર્યાય પણ એક સ્વતઃસિદ્ધ છે, ગુણ પણ સ્વતઃસિદ્ધ છે ને, દ્રવ્ય પણ સ્વતઃસિદ્ધ છે, તો પણ પર્યાય એવી સ્વતંત્ર નથી કે જેવું દ્રવ્ય સ્વતંત્ર છે. જેવું દ્રવ્ય સ્વતંત્ર છે એવી પર્યાય સ્વતંત્ર હોય તો પર્યાય પણ એક બીજું સ્વતંત્ર દ્રવ્ય થઈ જાય. માટે પર્યાય દ્રવ્યના આશ્રયે છે.



## બાળ વિભાગ

# બીજા હાથીની આત્મકથા

પાઠકો ! ગતાંકમાં તમે "ત્રિલોકમંડન" નામના હાથીની વાર્તા વાંચી, હવે તમે એક બીજા હાથીની વાર્તા વાચીને આનંદ પામશો.

ધર્માત્મા હાથી પોતાની જીવનકથા કહે છે—

ભગવાન ઋષભદેવના પુત્ર મહારાજ બાહુબલીની રાજધાની પોદનપુર....જ્યાંથી અસંખ્યાત રાજા મોક્ષને પામ્યા....પછી એક અરવિંદ નામનો રાજા થયો....હું (હાથીનો જીવ) પૂર્વભવમાં આ અરવિંદ મહારાજાના મંત્રીનો પુત્ર હતો ને મારું નામ મરુભૂતિ હતું અને કમઠ મારો મોટોભાઈ હતો.



એકવાર મારા મોટાભાઈ કમઠે ક્રોધાવેશમાં આવીને પત્થરની મોટી શિલા મારા ઉપર ફેંકીને મને મારી નાખ્યો....સગાભાઈએ નિરપરાધ એવા મને મારી નાખ્યો....રે સંસાર !

તે સમયે હું અજ્ઞાની હતો, એટલે આર્તધ્યાનથી મરીને તિર્યંચગતિમાં હાથી થયો, મને લોકો 'વજ્રઘોષ' નામથી બોલાવતા હતા.

મારો ભાઈ કમઠ ક્રોધપૂર્વક મરણ પામી ભયંકર સર્પ થયો.


તથા મહારાજા અરવિંદ દીક્ષા લઈને મુનિ થયા.

હાથી પોતાની આત્મકથા બતાવતા આગળ કહે છે—હાથીના ભવમાં મને ક્યાંય આરામ મળતો નહોતો....હું અતિ ક્રોધી અને વિષયાસક્ત હતો....સમ્મેદશિખરની પાસેના વનમાં હું રહેતો હતો, ભવિષ્યમાં હું જ્યાંથી મોક્ષ પામવાનો છું–આવા મહાન સિદ્ધધામની નજીક રહેવા છતાં મારી આત્મા સિદ્ધપંથને જાણતી ન હતી. આ વનનો પોતાને રાજા માની ત્યાંથી નીકળવાવાળા મનુષ્યો તથા અન્ય પ્રાણીઓને હું ખૂબ ત્રાસ આપતો હતો.

એકવાર એક મહાન સંઘ સમ્મેદશિખરની યાત્રા માટે જઈ રહ્યો હતો, હજારો મનુષ્યોની ભીડ હતી. મારા રાજા અરવિંદ જે મુનિ થયા હતા તે મુનિરાજ પણ આ

સંઘમાં જ હતા...પરંતુ પહેલા મને એ વાતની ખબર નહોતી.

તે મહાન સંઘે મારા વનની સમીપે પડાવ નાખ્યો.....મારા વનમાં આ સંઘનો કોલાહલ મારાથી સહન ન થયો....ક્રોધથી હું પાગલ થઈ દોડવા લાગ્યો ને જે કોઈ રસ્તામાં આવ્યો તેને કચડી નાખવા લાગ્યો....કેટલાય મનુષ્યોને સૂંઢથી પકડીને ઉછાળ્યા, કેટલાયને પગ નીચે દબાવી નાખ્યા...રથ, ઘોડા આદિ તોડી-ફોડી નાખ્યું. સંઘમાં ચારે તરફ હાહાકાર અને ભાગદોડ મચી ગઈ.




ક્રોધપૂર્વક હું દોડતો-દોડતો એક વૃક્ષ પાસે આવ્યો....વૃક્ષ નીચે મુનિરાજ બેઠા હતા....તેમણે મને શાંત-મધુર-મીઠી નજરોથી મારી તરફ જોયું...હાથ ઊંચા કરીને મને આશીર્વાદ આપી રહ્યા હતા જાણે કે મને આદેશ આપી રહ્યા કે ''ઊભો રહે''.

મુનિરાજને જોતા જ અચાનક શું થયું કે હું સ્તબ્ધ થઈ ગયો. ક્રોધને ભૂલી ગયો....મુનિરાજ સામે જ જોઈ રહ્યા હતા....મને ખૂબ જ સારું લાગ્યું....જાણે કે મારા કોઈ પરિચિત હોય—આ પ્રમાણે મને તેમના પર પ્રેમભાવ જાગૃત થયો.

અહો ! મુનિરાજનું સાન્નિધ્યથી ક્ષણમાત્રમાં મારા પરિણામમાં ચમત્કારિક રીતે પલટો થયો....ક્રોધના સ્થાન પર શાંતિ થઈ.

હું એકીટસે જોઈ રહ્યો હતો....મુનિરાજ કરુણાપૂર્વક મને સંબોધન કરતા બોલ્યા —''હે ગજરાજ ! હે મરુભૂતિ ! શાંત થા ! તને ક્રૂરતા શોભતી નથી....પૂર્વભવમાં તું મરુભૂતિ હતો અને હવે ભરતક્ષેત્રનો ત્રેવીસમા તીર્થંકર ભગવાન પાર્શ્વનાથ થઈશ. તારી આત્મા ક્રોધથી ભિન્ન, અત્યંત શાંત ચૈતન્ય સ્વરૂપ છે...તેને તું જાણ !''

અહો ! મુનિરાજ મને અત્યંત મધુર રસ પીવડાવી રહ્યા હતા...હું ક્ષુબ્ધ થઈને તેમની તરફ જોતો હતો...એટલામાં મારી નજર તેમની છાતી ઉપરના શ્રીવત્સ ચિહ્ન ઉપર પડી...મારા અંતરમાં સ્મૃતિ જાગી....અરે ! આમને તો મેં પહેલાં ક્યાંક જોયા છે ! કોણ છે ? આ તો મારા રાજા અરવિંદ છે, અહો ! તેઓ રાજપાટ છોડીને મુનિદશામાં



વીતરાગતાથી કેવા સુશોભિત થઈ રહ્યા છે !! તેમની પાસે મને કેટલી શાંતિ મળે છે ! અહો ! આ મુનિરાજની સમીપતા પ્રાપ્ત કરીને હું ક્રોધના ઘોર પાપોથી મુક્ત થયો...અને તેઓ મને શાંત તત્ત્વ બતાવી રહ્યા છે.

આમ વિચારી તે વિનયથી સૂંઢ નીચી કરીને શ્રી મુનિરાજની સામે ઊભો રહ્યો...લોકોનો અને મારો—બંનેનો ઉપદ્રવ શાંત થયો, મારી આંખોમાંથી આંસુઓની ધાર વહેવા લાગી.

મુનિરાજે મારી સૂંઢ પર હાથ રાખીને પ્રેમથી કહ્યું—

“વત્સ ! તૂ શાંત થા ! હું અરવિંદ રાજા મુનિ થયો છું અને તું આનાથી પહેલાના ભવમાં મારા મંત્રીનો પુત્ર (મરુભૂતિ) હતો....તેને યાદ કર !”

આ સાંભળતા જ મને મારા પૂર્વભવની યાદ આવવા લાગી, જાતિસ્મરણજ્ઞાન થયું, વૈરાગ્યથી મારા પરિણામ વિશુદ્ધ થવા લાગ્યા....

શ્રી મુનિરાજે કહ્યું—“હે ભવ્ય ! પૂર્વભવમાં તારા સગાભાઈએ તને મારી નાખ્યો....એવા સંસારથી તું તારું ચિત્તને વિરક્ત કર... ક્રોધાદિ પરિણામ છોડી શાંતચિત્તથી તારા આત્મતત્ત્વનો વિચાર કર....તૂં કોણ છો ? તું હાથી નહીં, તું ક્રોધ નહીં, શરીર અને ક્રોધ બંનેથી ભિન્ન તું તો ચેતનસ્વરૂપ છો...અરે ! પોતાના ચૈતન્યસ્વરૂપને તું સમજ.... !”

શ્રી મુનિરાજની મધુરવાણી મારી આત્માને જાગૃત કરવા લાગી....મુનિરાજની વીતરાગી શાંતિને જોઈને હું મુગ્ધ થઈ ગયો, કેટલા નિર્ભય, કેટલા શાંત ! કેટલા દયાળું ! મારા ક્રોધની અશાંતિ અને મુનિરાજની ચેતનામાં રહેવાવાળી શાંતિ આ બંનેના અંતરનું જ્ઞાન થતાં જ મારો ઉપયોગ ક્રોધ છોડી ક્ષમા તરફ વળવા લાગ્યો....ક્રોધરૂપી પાગલપણું ક્યાંય દૂર ચાલ્યું ગયું.

શ્રી મુનિરાજ પોતાની મધુર વાણીથી મને સંબોધિત કરતા કહેતા હતા કે—“હે ભવ્ય ! હવે તારા ભવદુઃખનો અંત નજીક આવ્યો છે, આત્મજ્ઞાન કરવાનો અપૂર્વ અવસર હવે આવી ગયો છે...તમે અંતરદૃષ્ટિ દ્વારા ચૈતન્યતત્ત્વને જુઓ....તેની અદ્‌ભુત સુંદરતા જોઈને તમને અપૂર્વ આનંદ થશે.... (ક્રમશઃ) ❋

આત્મધર્મ (ગુજરાતી) માસિક-પત્ર સંબંધી માહિતી

**ફોર્મ નં. ૪, નિયમ નં. ૮**

| | | |
|---|---|---|
| સમાચાર પત્રનું નામ | : | આત્મધર્મ |
| પ્રકાશન તારીખ | : | દરેક માસની પહેલી તારીખ |
| પ્રકાશક અને મુદ્રકનું નામ | : | હસમુખભાઈ પોપટલાલ વોરા, મુ. સોનગઢ, જિ. ભાવનગર |
| રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| પ્રકાશન સ્થાન | : | શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ, તા. શિહોર, જિ. ભાવનગર |
| માલિક | : | શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ-૩૬૪૨૫૦ |
| તંત્રી | : | અનંતરાય વ્રજલાલ શાહ, સોનગઢ |
| મુદ્રણસ્થાન | : | કહાન મુદ્રણાલય, જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ |

હું હસમુખભાઈ પોપટલાલ વોરા આથી જાહેર કરું છું કે ઉપર આપેલ વિગત મારી જાણ સમજ મુજબ સાચી છે.

નિવેદક :—હસમુખભાઈ પોપટલાલ વોરા

તા. ૧-૩-૨૦૧૮

અધ્યક્ષ : શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ

સોનગઢ-૩૬૪૨૫૦


વિદ્યાર્થીઓ માટે સોનગઢમાં ગ્રીષ્મકાલીન

## ✻ ધાર્મિક શિક્ષણવર્ગ ✻

ગ્રીષ્મકાલીન શિક્ષણવર્ગ ઉનાળુ વેકેશન દરમ્યાન તા. ૮-૪-૨૦૧૮ રવિવારથી થી તા. ૧૭-૪-૨૦૧૮ મંગળવાર સુધી સોનગઢમાં રાખવામાં આવેલ છે. આ દસ દિવસીય શિક્ષણવર્ગમાં ઉત્તમ તેમજ મધ્યમ એમ બે કક્ષા રાખવામાં આવશે.

મુમુક્ષુમંડળનાં બાળકો તેમજ યુવાનોને અધ્યાત્મપ્રધાન ધાર્મિક સંસ્કાર પ્રાપ્ત થાય તે હેતુથી આપના મુમુક્ષુમંડળના બાળકો તેમજ યુવાનોને આ ધાર્મિક શિક્ષણવર્ગમાં અવશ્ય મોકલવા સર્વ મુમુક્ષુ મંડળોને અનુરોધ છે.

સૂચના— (૧) વિદ્યાર્થીઓ માટે આવાસ તથા ભોજનની વ્યવસ્થા નિ:શુલ્ક રહેશે.
(૨) વિદ્યાર્થીઓ પોતાના આગમનની આગોતરી સૂચના ટપાલ દ્વારા મોકલાવે.

*પ્રબંધક– શ્રી દિ૦ જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ*

*સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)*

## મધ્યપ્રદેશની પ્રસિદ્ધ નગરી ખંડવામાં શ્રી આદિનાથ કુંદકુંદ-કહાન દિગમ્બર જિનમંદિર રજત જયંતી મહોત્સવ અંતર્ગત શ્રી માનસ્તંભ જિનબિમ્બ પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ (વિધિનાયક બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથ ભગવાન) સાનંદ સંપન્ન

પરમ તારણહાર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના પ્રભાવનાયોગથી મધ્યપ્રદેશની નગરી ખંડવામાં શ્રી આદિનાથ કુંદકુંદ-કહાન દિગમ્બર જિનમંદિર રજત જયંતી મહોત્સવ અંતર્ગત શ્રી માનસ્તંભ જિનબિમ્બ પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ તથા શ્રી સૂર્યકીર્તિ ભગવાન (સ્ફટિકના) પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૨૨-૧-૨૦૧૮ થી ૨૯-૧-૨૦૧૮ સુધી યોજાઈ ગયો. આ સમગ્ર પ્રતિષ્ઠા પ્રતિષ્ઠાચાર્ય બ્ર. વજુભાઈ સાહેબ વઢવાણ તથા તેમના સહપ્રતિષ્ઠાચાર્યો દ્વારા કરાવવામાં આવી હતી. આ મંગલ મહોત્સવની ચમત્કૃતિપૂર્ણ પ્રભાવનાનો મૂળ આધાર આપણા તારણહાર પરમ કૃપાળુ પૂજ્ય કહાનગુરુદેવનો પ્રભાવના ઉદય જ છે.

### પંચકલ્યાણક—જિનબિંબ પ્રતિષ્ઠાનો શાસ્ત્રોક્ત વિધિક્રમ

**તા. ૨૨-૧-૨૦૧૮ :** પ્રતિષ્ઠા મહોત્સવની પવિત્ર વિધિની શરૂઆત મંગલ શાંતિજાપ પ્રારંભથી થઈ હતી. ત્યાર બાદ પ્રતિષ્ઠા મંડપ શુદ્ધિ તથા જેઓના મંગલવર્ધક આશ્રયમાં આ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવામાં આવ્યો તે વિધિ અધ્યક્ષ મહાવીર ભગવાનના પ્રતિષ્ઠિત જિનબિંબને શોભાયાત્રાપૂર્વક વિધિમંડપમાં બિરાજમાન કરવામાં આવ્યા હતા. ત્યારબાદ નાંદિવિધાન, અખંડદીપ પ્રદીપન તથા ધર્મધ્વજારોહણથી મંગલ પ્રારંભ થયો હતો. તે જ દિવસે ઈન્દ્રો દ્વારા શ્રી પંચપરમેષ્ઠી મંડલની પૂજા કરવામાં આવી હતી.

**તા. ૨૩-૧-૨૦૧૮ :** મંગલજાપથી પ્રારંભ કરી શ્રી દેવ-શાસ્ત્ર-ગુરુ પૂજાપૂર્વક પ્રતિષ્ઠા મહોત્સવના ઈન્દ્રોએ આચાર્ય અનુજ્ઞા પ્રાપ્ત કરી હતી. ત્યારબાદ ઈન્દ્રોની ઈન્દ્રપ્રતિષ્ઠા તથા ઈન્દ્ર શોભાયાત્રાના મંગલ ભવ્ય જુલુસનો પ્રારંભ થયો હતો. આ મહોત્સવમાં શચિ ઈન્દ્રાણી તથા સૌધર્મ ઈન્દ્ર બનવાનો લાભ સ્વર્ણલતાબેન સુભાષચંદ્ર જૈન ને મળ્યો હતો. તેમજ ઈશાન ઈન્દ્રાણી-ઈન્દ્ર બનવાનો લાભ સ્મિતાબેન ધર્મેન્દ્રભાઈ મોદીને લાભ મળ્યો હતો.

**તા. ૨૪-૧-૨૦૧૮— ગર્ભકલ્યાણક પૂર્વક્રિયા :** મંગલજાપથી પ્રારંભ કરી આ દિવસે ઈન્દ્રો દ્વારા શ્રી યાગમંડલ વિધાન(સંસ્કૃત) પૂજા કરવામાં આવી હતી તેમજ બપોરે પ્રતિષ્ઠેય ભગવંતોની પ્રતિષ્ઠામંડપમાં મંગલ પધરામણી ઉલ્લાસમય, ભક્તિભર્યા વાતાવરણમાં થઈ હતી. રાત્રે ગર્ભ-કલ્યાણકની પૂર્વક્રિયા સંપન્ન કરવામાં આવી હતી. તેમજ અહમિન્દ્ર સભા, ઈન્દ્રસભા અને રાજ્ય-સભાના રોચક કાર્યક્રમો થયા હતા. વિધિનાયક નેમિનાથ ભગવાનના પિતા સમુદ્રવિજય બનવાનું સૌભાગ્ય રાજાબહાદુર જૈન તથા માતા શિવાદેવી બનવાનું સૌભાગ્ય શિરોમણિબેન જૈનને પ્રાપ્ત થયું હતું.

**તા. ૨૫-૧-૨૦૧૮—ગર્ભકલ્યાણક :** શિવાદેવી માતાને આવેલા ભગવાનના ગર્ભમાં પધારવાના સૂચક એવા મંગળ સોળ સ્વપ્નોનું સ્વપ્નફળદર્શન કરાવવામાં આવ્યું હતું તથા ગર્ભકલ્યાણકની શેષ વિધિ દર્શાવવામાં આવી હતી. ત્યારબાદ ઈન્દ્રો દ્વારા મંડપમાં ગર્ભકલ્યાણકની પૂજા કરવામાં આવી હતી. બપોરે જલયાત્રાપૂર્વક વેદી-મંદિર-ધ્વજ-કળશ શુદ્ધિનો કાર્યક્રમ અત્યંત

ભક્તિપૂર્વક યોજાયો હતો. રાત્રે ગર્ભકલ્યાણકની શેષ વિધિ તથા અષ્ટકુમારિકા દેવીઓ સાથે શિવાદેવી માતાની તત્ત્વચર્ચા થઈ હતી.

**તા. ૨૬-૧-૨૦૧૮ : જન્મકલ્યાણક :** સવારે નેમિકુમારનો જન્મ થતા સૌધર્મ ઈન્દ્રના દરબારમાં તેમનું આસન ડોલતાં તેઓએ અત્યંત ભક્તિપૂર્વક ભરતક્ષેત્રના બાવીસમા તીર્થંકર નેમિનાથસ્વામીના જન્મની મંગલ જાહેરાત કરી તથા ઈન્દ્રો, કુબેર અને ઐરાવત હાથી વગેરે સાજ-સામાન સાથે શૌરીપુર નગરી તરફ પ્રયાણ કર્યું હતું. અહીં સમુદ્રવિજય રાજાના દરબારમાં પણ ભગવાનના જન્મનો આનંદ ઉત્સવ ઉજવાઈ રહ્યો હતો. ત્યાં સૌધર્મ ઈન્દ્ર આદિનું આગમન થયું હતું. સૌધર્મ ઈન્દ્ર ભગવાનને ઐરાવત હાથી પર બિરાજમાન કરી મેરુ પર્વત પર જન્માભિષેક માટે લઈ ગયા હતા. પાંડુકશિલા ઉપર નેમિકુમારને બિરાજમાન કરી સૌધર્મ ઈન્દ્ર દ્વારા ભગવાનના અભિષેકની શરૂઆત કરવામાં આવી હતી. મંગલ અભિષેકમાં પ્રથમ રત્નકળશથી અભિષેક કરવાનો લાભ શ્રી નગીનભાઈ અજમેરા, મલાડને તથા પ્રથમ સુવર્ણ કળશનો લાભ ધીરજબેન બાબુલાલ શાહ, ઘાટકોપર ત્યારબાદ સુવર્ણ તથા રજત કળશોથી હજારો મુમુક્ષુઓએ ભગવાનનો અભિષેકનો લાભ લીધો હતો. ત્યારબાદ રાજમહેલમાં ભગવાનના જન્મકલ્યાણકની પૂજા ઈન્દ્રો દ્વારા કરવામાં આવી અને સૌધર્મ ઈન્દ્ર દ્વારા અદ્‌ભુત તાંડવ નૃત્ય કરવામાં આવ્યું હતું. બપોરે ભગવાનના પારણાઝુલનનો કાર્યક્રમ યોજાયો હતો. પ્રથમ પારણાઝુલનનો લાભ ધીરજબેન બાબુલાલ શાહ હસ્તે મંજુલાબેન અનિલભાઈ શાહ પરિવાર ઘાટકોપરને પ્રાપ્ત થયો હતો. રાત્રે યુવરાજ નેમિકુમારને સમાગત રાજાઓ દ્વારા અભિવાદનનો કાર્યક્રમ યોજાયો હતો.

**તા. ૨૭-૧-૨૦૧૮-દીક્ષાકલ્યાણક :** સવારે રાજકુમાર નેમિકુમારને વૈરાગ્યપ્રાપ્તિનું દશ્ય અત્યંત પ્રેરણાદાયક રીતે દર્શાવવામાં આવ્યું. લૌકાંતિક દેવોએ ભગવાનની વૈરાગ્યભાવનાને અનુમોદન આપ્યું હતું. ત્યારબાદ નેમિકુમારનું દીક્ષાર્થે વન તરફ પ્રયાણ થયું હતું. દીક્ષાવનમાં નેમિકુમારની મંગલ દીક્ષાગ્રહણવિધિ દર્શાવવામાં આવી. ત્યારબાદ પૂજ્ય ગુરુદેવશ્રીનું દીક્ષાકલ્યાણકનું વૈરાગ્ય પ્રવચન થયું. ઈન્દ્રો દ્વારા તીર્થંકર નેમિકુમારના કેશની ક્ષેપણવિધિ ક્ષીરસમુદ્રમાં કરવામાં આવી હતી. ત્યારબાદ તપકલ્યાણકની પૂજા ઈન્દ્રો દ્વારા થઈ. મુનિરાજ નેમિકુમારની ગંધર્વો તથા ઈન્દ્રો દ્વારા ભક્તિ કરવામાં આવી હતી. રાત્રે નેમિકુમાર ભગવાનના પૂર્વભવોનું નિદર્શન કરવામાં આવ્યું હતું.

**તા. ૨૮-૧-૨૦૧૮—કેવળજ્ઞાનકલ્યાણક :** સવારે શ્રી દેવ-શાસ્ત્ર-પૂજનથી પ્રારંભ કરી મુનિરાજ નેમિકુમારને આહારદાનનો મંગલ કાર્યક્રમ થયો. આહારદાનનો લાભ શ્રી જિતેન્દ્ર વ્રજલાલ શાહ, ઘાટકોપરને પ્રાપ્ત થયો. ત્યારબાદ અંકન્યાસવિધિ, ક્ષપકશ્રેણી આરોહણ તથા ભગવાનને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થતાં ઈન્દ્રો દ્વારા સમવસરણની રચના કરવામાં આવી હતી. ત્યાં ભગવાનની કેવળજ્ઞાનકલ્યાણક પૂજા ઈન્દ્રો દ્વારા અત્યંત ભક્તિપૂર્વક કરવામાં આવી હતી. ત્યારબાદ ઈન્દ્રો તથા વિવિધ દેશના રાજાઓની વિનંતીથી નેમિનાથ ભગવાનની દિવ્ય દેશના મુમુક્ષુઓને પ્રાપ્ત થઈ તથા વિવિધ દેશોમાં વિહાર કરી નેમિનાથ ભગવાન ખંડવા નગરીમાં પધાર્યા હતા. જગતના જીવોને દિવ્યધ્વનિ દ્વારા મોક્ષમાર્ગની પ્રસાદી આપી. આ પ્રસંગે ઈન્દ્રો તથા વિવિધ દેશના ભક્તોએ ભગવાનનું અત્યંત ભક્તિપૂર્વક સ્વાગત કર્યું હતું.

**તા. ૨૯-૧-૨૦૧૮—મોક્ષકલ્યાણક :** સવારે નિર્વાણકલ્યાણ સમારોપણ, નિર્વાણભક્તિ તથા નિર્વાણપૂજાનો કાર્યક્રમ થયો હતો ત્યારબાદ પ્રતિષ્ઠિત ભગવંતોની જુલુસપૂર્વક જિનમંદિરમાં મંગલ પધરામણી થઈ. ભગવંતોનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ભગવાનના સંસ્થાપનની પૂર્વવિધિ પ્રતિષ્ઠાચાર્યો દ્વારા સંપન્ન કરવામાં આવી હતી, અને ભગવંતોને વેદી પર બિરાજમાન કરવાની મંગલવિધિનો પ્રારંભ થયો હતો.

આ પ્રતિષ્ઠામાં વિધિવિધાન ઉપરાંત પૂજ્ય ગુરુદેવશ્રીના સીડી પ્રવચન, પૂજ્ય બહેનશ્રીની વિડિયો ધર્મચર્ચાનો, વિભિન્ન વિદ્વાનોના શાસ્ત્રપ્રવચનોનો, ધાર્મિક શિક્ષણવર્ગનો, વઢવાણ તથા મલાડની ભજનમંડળીઓની ભક્તિનો તથા ખંડવા મુમુક્ષુ મંડળ તથા સોનગઢ મુમુક્ષુ મંડળની બહેનો દ્વારા તૈયાર કરાયેલ અદ્‌ભુત ભાવવાહી સાંસ્કૃતિક કાર્યક્રમનો લાભ પ્રાપ્ત થયો.

આ મહોત્સવમાં આયોજક મંડળ રાજાભાઈ જૈન તથા યુવાનોનો ઉત્સાહ અદ્‌ભુત હતો. તેઓએ મહેમાનો માટે આવાસ તથા ભોજનની ઉત્તમ વ્યવસ્થા કરી હતી.

## સુવર્ણપુરી સમાચાર :—

| | |
|---|---|
| પ્રાત : ૬-૧૫ થી ૬-૩૫ | : પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| પ્રાત : ૮-૦૦ થી | : શ્રી જિનેન્દ્ર પૂજા |
| સવારે ૮-૪૫ થી ૯-૪૫ | : શ્રી સમયસાર ઉપર (સોળમીવારનું) પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| સવારે ૧૦-૦૦ થી ૧૦-૪૫ | : ધાર્મિક શિક્ષણવર્ગ |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૭-૩૦ થી ૮-૩૦ | : છઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |

### સમ્યક્ત્વ જયંતી મંગલ પત્રિકા લેખનવિધિ સાનંદ સંપન્ન

પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનનો આગામી ૮૬મો સમ્યક્ત્વ જયંતી મહોત્સવ કે જે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ તથા સ્થાયી પુરસ્કર્તાઓ દ્વારા ભક્તિભાવથી ઊજવવામાં આવનાર છે તેની આમંત્રણ પત્રિકાની લેખનવિધિ ફાગણ સુદ-૩, તા. ૧૮-૨-૨૦૧૮, રવિવારના રોજ સાનંદ સંપન્ન થઈ. સવારે જિનેન્દ્ર પૂજા બાદ સર્વે મુમુક્ષુ ભાઈઓ-બહેનો પંચરત્ન પરિવારના નિવાસસ્થાન મંગલ-દર્શનમાં ગયા હતા ત્યાં ભક્તિ બાદ પત્રિકાને વાજતે-ગાજતે સ્વાધ્યાયમંદિરમાં લાવવામાં આવી. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનબાદ પત્રિકાનું વાંચન પ્રકાશચંદ તથા અમરચંદ પંચરત્ન પરિવાર વતી શ્રી નિજેશભાઈ અમરચંદ પંચરત્ન દ્વારા કરવામાં આવ્યું. ત્યારબાદ પત્રિકા લેખનવિધિ ભક્તિમય વાતવરણમાં સંપન્ન થઈ.

**માનસ્તંભનો ૬૬મો વાર્ષિક પ્રતિષ્ઠા દિવસ :** ચૈત્ર સુદ ૧૦ તા. ૨૬-૩-૨૦૧૮, સોમવારના રોજ સોનગઢ શ્રી માનસ્તંભ પ્રતિષ્ઠાનો ૬૬મો વાર્ષિક દિવસ પૂજા ભક્તિના વિશેષ કાર્યક્રમ સહ મનાવવામાં આવશે.

## (૫૫)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્ન

(જોડી બનાવો)

| | | | |
|---|---|---|---|
| (૧) | આચાર્ય ઉમાસ્વામી | (૧) | નાટક સમયસાર |
| (૨) | આચાર્ય કુંદકુંદદેવ | (૨) | ભગવતી આરાધના |
| (૩) | આચાર્ય જિનસેન | (૩) | છ ઢાળા |
| (૪) | આચાર્ય પૂજ્યપાદ | (૪) | યોગસાર |
| (૫) | આચાર્ય સમન્તભદ્ર | (૫) | ધવલા |
| (૬) | આચાર્ય અકલંકદેવ | (૬) | ભક્તામર સ્તોત્ર |
| (૭) | આચાર્ય રવિષેણ | (૭) | તત્ત્વાર્થસૂત્ર |
| (૮) | કવિવર ધનંજય | (૮) | કલ્યાણમંદિર સ્તોત્ર |
| (૯) | પંડિત દૌલતરામ | (૯) | સમ્યગ્જ્ઞાન દીપિકા |
| (૧૦) | પંડિત રાજમલ્લજી | (૧૦) | અષ્ટપાહુડ |
| (૧૧) | પંડિત બનારસીદાસજી | (૧૧) | વિષાપહાર સ્તોત્ર |
| (૧૨) | પંડિત ટોડરમલજી | (૧૨) | સમયસાર કલશટીકા |
| (૧૩) | આચાર્ય યોગીન્દુદેવ | (૧૩) | તત્ત્વાર્થરાજવાર્તિક |
| (૧૪) | પંડિત દીપચંદજી | (૧૪) | હરિવંશપુરાણ |
| (૧૫) | આચાર્ય પુષ્પદંત, ભૂતબલી | (૧૫) | મોક્ષમાર્ગપ્રકાશક |
| (૧૬) | આચાર્ય અમિતગતિ | (૧૬) | રત્નકરંડ શ્રાવકાચાર |
| (૧૭) | આચાર્ય માનતુંગ | (૧૭) | પદ્મપુરાણ |
| (૧૮) | ધર્મદાસ ક્ષુલ્લક | (૧૮) | સમાધિતંત્ર |
| (૧૯) | કુમુદચંદ્ર આચાર્ય | (૧૯) | ચિદ્વિલાસ |
| (૨૦) | શિવકોટિ આચાર્ય | (૨૦) | સામાયિક પાઠ |

## (૫૫)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(નીચેના પ્રશ્નોનાં ઉત્તરો છઢાળાની ચોથી ઢાળમાંથી મળશે.)

(૧) છઢાળા પુસ્તક .................. એ રચ્યું છે.

(૨) ........... દર્શન, ............, ........... તે મોક્ષમાર્ગની ચાલ છે.

(૩) ............ સ્વરૂપ જેમ છે તેમ શ્રદ્ધવું તે ........... છે અને જેમ છે જેમ જાણવું તે .............. નું લક્ષણ છે.

(૪) ધર્માત્માનું સ્વસંવેદન ............. છે ............ રૂપ છે, મોક્ષનું કારણ છે.

(૫) સ્વસંવેદન થતા અનંત ગુણમાં .............. થવા માંડે છે.

(૬) આત્માના સાચા ............. ને દેખવાથી .............. થાય છે.

(૭) .............. પોતે તે રૂપે પરિણમશે એટલે .............. ની પર્યાય પ્રગટશે.

(૮) સમ્યક્દર્શની વાત ........... હોંશથી સાંભળવી.

(૯) સમ્યક્દર્શન, જ્ઞાન, આનંદની ખાણ ............. મા છે.

(૧૦) આત્માનું શુદ્ધ સ્વરૂપ શુદ્ધ ........... છે.

(૧૧) સમ્યક્જ્ઞાનની સાથે ........... અને ............ સુખ હોય છે.

(૧૨) સમ્યક્જ્ઞાનીને .............. દોષ અને ........... ભય હોતા નથી.

(૧૩) ધર્મીને જે અલ્પરાગ છે તે ............ નું જ કારણ છે............ નું નહીં.

(૧૪) અપૂર્વ સમ્યક્જ્ઞાન .......... ચક્રને બંદ કરીને ........... ચક્રને ચાલું કરે છે.

(૧૫) પુણ્ય કરે તો .............. નો અંત ન આવે.

(૧૬) ........... તે મોક્ષને સાધવાની ............. કળા છે.

(૧૭) સમ્યક્જ્ઞાન ............. મટાડનાર પરમ .............. છે.

(૧૮) જ્યાં સુધી ............. ન થાય ત્યાં સુધી ............. ને ભાવવું.

(૧૯) અતીન્દ્રિયજ્ઞાન તે ................. નું કારણ છે.

(૨૦) સમ્યક્ શ્રદ્ધા ............ ને ............. નું મૂળ કારણ કહ્યું છે.

# પ્રૌઢ માટેના આપેલ પ્રશ્ન
# ફેબ્રુઆરી–૨૦૧૮ના ઉત્તર

| | | |
|---|---|---|
| (૧) અમૃતચંદ્ર | (૮) નિકાચિત | (૧૪) નય |
| (૨) પુષ્કરદ્વીપ | (૯) સમ્યગ્દર્શન | (૧૫) પ્રવચનસાર |
| (૩) પર્યાય | (૧૦) જ્ઞાયક | (૧૬) અપ્રતિઘાત |
| (૪) પ્રથમ | (૧૧) લેપાહાર | (૧૭) પારિણામિક |
| (૫) ઔદયિક | (૧૨) દશમા | (૧૮) નપુંસક |
| (૬) એક | (૧૩) ઉપચરિત અસદ્‌ભુત | (૧૯) વ્યવહાર |
| (૭) નપુંસક | | (૨૦) ચતુર્મુખ |

# બાળકો માટેના આપેલ પ્રશ્ન
# ફેબ્રુઆરી–૨૦૧૮ના ઉત્તર

| | | |
|---|---|---|
| (૧) આરાધના, વ્રત | (૮) ગુણ – પર્યાયો | (૧૪) જ્ઞાન – જુદો |
| (૨) સ્વ-પર, સૂર્ય | (૯) કેવળજ્ઞાન – સિદ્ધપદ | (૧૫) મુનિ |
| (૩) સમ્યક્‌જ્ઞાન | | (૧૬) મિથ્યા સંસાર |
| (૪) કેવળજ્ઞાન | (૧૦) દર્શન-જ્ઞાન-ચારિત્ર | (૧૭) અજ્ઞાન |
| (૫) જાણે – મોક્ષ જ્ઞાન | (૧૧) પર | (૧૮) સમ્યક્‌દર્શન |
| (૬) અનેકાંત – જિન | (૧૨) ચારિત્ર | (૧૯) પોતા |
| (૭) સમયસાર | (૧૩) જ્ઞાન | (૨૦) સમ્યક્‌દર્શન |

**શ્રી મહાવીર ભગવાન જન્મકલ્યાણક તથા**
**પૂજ્ય ગુરુદેવશ્રીના ૮૪ મા સંપ્રદાય પરિવર્તન દિવસનો મંગલ મહોત્સવ**

તીર્થંકર ભગવાન મહાવીરનો જન્મકલ્યાણક દિવસ તથા પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સંપ્રદાય પરિવર્તનના ૮૪મા વર્ષનો મંગલ ઉત્સવ સ્વ. હીરાચંદભાઈ ત્રિભોવનદાસ દામાણી, શ્રી હરિલાલ જીવરાજભાઈ ભાયાણી તથા શ્રી હરગોવિંદભાઈ મોદી— ત્રણેયના પરિવાર તરફથી સુવર્ણપુરી સોનગઢમાં ચૈત્ર સુદ–૧૩ ગુરુવાર તા. ૨૯–૩–૨૦૧૮ ના રોજ પૂજન ભક્તિના વિશેષ કાર્યક્રમોપૂર્વક અત્યંત ઉલ્લાસથી ઉજવવામાં આવશે. તો આ મંગળ પ્રસંગે સર્વે મુમુક્ષુઓને આ ઉત્સવનો લાભ લેવા સોનગઢ પધારવા ભાવભીનું આમંત્રણ છે.

**શ્રીમતી પુષ્પાબેન વિનોદચંદ્ર રતિલાલ દોશી પરિવાર—અમદાવાદ**

**હસ્તે ડો. પારસ દોશી તથા મિનેષ દોશી**

**આનંદોલ્લાસ સહ અધ્યાત્મ સાધના તીર્થ સુવર્ણપુરીમાં ઉજવે છે**

## અધ્યાત્મમાર્ગપ્રકાશક, જ્ઞાયકયુગપ્રવર્તક, સ્વાનુભવવિભૂષિત

## પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો ૧૨૯મો

# મંગલ-જન્મજયંતી-મહોત્સવ

અત્યંત હર્ષોલ્લાસ સહ નિવેદન કે આપણા પરમ-તારણહાર પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો આગામી ૧૨૯મો વાર્ષિક મંગલ જન્મોત્સવ અધ્યાત્મ-સાધનાતીર્થ સોનગઢ(સુવર્ણપુરી)માં શ્રીમતી પુષ્પાબેન વિનોદચંદ્ર રતિલાલ દોશી પરિવાર—અમદાવાદ હસ્તે ડૉ. પારસ દોશી તથા મિનેષ દોશી દ્વારા અતિ આનંદોલ્લાસપૂર્વક ઊજવવામાં આવશે.

તદ્‌નુસાર પૂજ્ય ગુરુદેવશ્રીનો આગામી ૧૨૯મો જન્મ-જયંતી (વૈશાખ સુદ-૨)નો મંગળ મહોત્સવ સુવર્ણપુરીમાં તા. ૧૩-૪-૨૦૧૮, શુક્રવારથી તા. ૧૭-૪-૨૦૧૮, મંગળવાર—પાંચ દિવસીય 'શ્રી તીર્થમંડલ પૂજન વિધાન' પૂજ્ય ગુરુદેવશ્રીના આધ્યાત્મિક સીડી. પ્રવચન, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની વિડિયો ધર્મચર્ચા, સમાગત ગુરુભક્ત વિદ્વાનોના શાસ્ત્રવાંચન, ધાર્મિક શિક્ષણ વર્ગ તથા ભજનમંડળી દ્વારા દેવ-ગુરુભક્તિ તથા સાંસ્કૃતિક કાર્યક્રમ આદિ અનેકવિધ રોચક કાર્યક્રમ સહ ઉજવવામાં આવશે. તે સાથે સુવર્ણપુરીના ભવ્ય જિનાલયોના દર્શન-પૂજનનો લાભ તથા નિર્માણાધીન જંબૂદ્વીપ તથા બાહુબલીજીના દર્શનનો પણ લાભ મળશે. ગુરુભક્તિના આ અનુપમ અવસરનો લાભ લેવા માટે ગુરુભક્ત સર્વે મુમુક્ષુઓને સોનગઢ પધારવા અમારા તરફથી ભાવભીનું નિમંત્રણ છે. આવાસ તથા ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવેલ છે.

(આ મહોત્સવની નિમંત્રણપત્રિકાની લેખનવિધિ સોનગઢમાં તા. ૧૦-૦૩-૨૦૧૮, શનિવારના રોજ રાખેલ છે. તો સર્વેને પધારવા વિનંતી છે.)

નિમંત્રક

શ્રીમતી પુષ્પાબેન વિનોદચંદ્ર રતિલાલ દોશી પરિવાર—અમદાવાદ

હસ્તે ડૉ. પારસ દોશી તથા મિનેષ દોશીના

જય-જિનેન્દ્ર

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર

● વાંચવું, સાંભળવું આદિ બહારથી બધું કરે પણ એનાથી શું ? એને પોતાથી અંદરથી હા આવવી જોઈએ કે રાગ તે હું નહિ અને જ્ઞાયક સ્વરૂપ ધ્રુવવસ્તુ તે જ હું એમ એના અસ્તિત્વની અંદરથી હા આવે. હા એટલે સ્વભાવની પ્રતીત કરીને હા આવે ત્યારે એના કલ્યાણની શરૂઆત થાય. ૨૭૮.

● પ્રશ્ન :—દ્રવ્યલિંગીને શુભમાં રુચિ છે કે અશુભમાં પણ છે ?

ઉત્તર :—દ્રવ્યલિંગીને શુભમાં રુચિ છે. ૨૭૯.

● પ્રશ્ન :—કાયા અને કષાયમાં એકત્વ છે તેનો ખ્યાલ તેને આવે છે ?

ઉત્તર :—તેને ખ્યાલ આવતો નથી.

પ્રશ્ન :—તો ધારણાજ્ઞાન પણ તેને સાચું ન થયું ?

ઉત્તર :—તત્ત્વના જાણપણાનું ધારણાજ્ઞાન તો તેને બરાબર છે પણ પોતે ક્યાં અટકે છે તે પકડાતું નથી. કષાયની ઘણી મંદતા છે તેમાં સ્વાનુભવ માને છે. ૨૮૦.

● પ્રશ્ન :—બંધનું કારણ પરદ્રવ્ય ને મોક્ષનું કારણ સ્વદ્રવ્ય છે ને ?

ઉત્તર :—બંધનું કારણ પરદ્રવ્ય નથી. પરદ્રવ્ય તો સદાય હોય છે. જો તે બંધનું કારણ હોય તો બંધરહિત ક્યારેય ન થઈ શકે. પરદ્રવ્ય પ્રત્યેનું સ્વામીત્વ તે બંધનું કારણ છે અને સ્વદ્રવ્ય પણ અનાદિથી છે જ છતાં મોક્ષ થયો નહિ. તેથી સ્વદ્રવ્યમાં સ્વામીત્વ તે મોક્ષનું કારણ છે. સ્વભાવમાં સ્વામીપણું થતાં પરદ્રવ્ય હોવા છતાં પણ બંધ થતો નથી. માટે સ્વદ્રવ્યમાં સ્વામીપણું તે મોક્ષનું કારણ છે ને પરદ્રવ્યમાં સ્વામીપણું તે બંધનું કારણ છે. ૨૮૦.

● કાળનયે જેની સિદ્ધિ સમય પર આધાર રાખે એટલે સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર, કેવળજ્ઞાન આદિ જે સમયે થવાના છે તે જ સમયે થાય છે. જે કાળે જે થવાનું તે જ કાળે તે થાય. પણ એનો અર્થ એમ નથી કે પુરુષાર્થ વિના થઈ જાય ! કાળનયને દેખનાર સાધકની દૃષ્ટિ કાળ ઉપર નથી પણ સ્વભાવ ઉપર હોય છે. તેથી કાળનયથી જાણે છે કે જે સમયે ચારિત્ર પ્રગટ થવાનું છે તે સમયે જ પ્રગટ થશે. જે કાળે કેવળજ્ઞાન થવાનું છે તે જ કાળે થશે. કોઈ મુનિ લાખો વર્ષ ચારિત્ર પાળે ને કેવળજ્ઞાન થતા વાર લાગે. કોઈ મુનિને અલ્પકાળમાં કેવળજ્ઞાન થઈ જાય. તેથી લાંબો કાળ ચારિત્ર પાલન કરનાર મુનિને અધીરજ થતી નથી. તે જાણે છે કે કેવળજ્ઞાન થવાનું જ છે તે સ્વકાળે થશે. ૨૮૨.

આત્મધર્મ
માર્ચ-૨૦૧૮
અંક-૭ ● વર્ષ-૧૨

Posted at Songadh PO
Publish on 1-3-2018
Posted on 1-3-2018

Registered Regn. No. BVR-367/2018-2020
Renewed upto 31-12-2020
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




**Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.**

**Editor : Anantrai Vrajlal Shah.**

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

**www.kanjiswami.org**
**email : contact@kanjiswami.org**